અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

08 DECEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 157 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
સુરતમાં કેફે માલિકનું અપહરણ કરી માર મરાયો : કેફેના 8000ના બાકી બિલની ઉઘરાણીમાં યુવાન પર હુમલો

4 
રાવણની પટરાણી મંદોદરી પોતાનાં પૂર્વ જન્મમાં મધૂરા નામની એક અપ્સરા હતી!


6 
દ.આફ્રિકા સામે વન-ડે શ્રેણી જીતતાં જ ગંભીર તેની જૂની IPL ટીમના માલિક પર ભડક્યો.....


7 
આ 4 કામ ડિસેમ્બરમાં ચોક્કસથી પૂરા કરો : 31 ડિસેમ્બર સુધીમાં પાનને આધાર સાથે લિંક કરો, એડવાન્સ ટેક્સ ભરવાની...

### બેલી ડાન્સર ડાન્સ કરતી હતી ને આગ લાગી : વડાપ્રધાન મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

# ગોવાની ફેમસ નાઈટક્લબમાં સિલિન્ડર બ્લાસ્ટ : 25ના મોત

## પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ અને આગને કાબુમાં લીધી : ઘાયલોને હોસ્પિટલમાં સરવાર અપાઈ રહી છે






**પણજી, તા.07**

ગોવાના અરપોરા વિસ્તારમાં સ્થિત નાઈટ ક્લબ 'Birch By Romeo Lane'માં શનિવારે રાત્રે આગ લાગવાથી 25 લોકોના મોત થયા અને 6 લોકો ઘાયલ થયા. શરૂઆતી તપાસમાં જાણવા મળ્યું છે કે આગ ડાન્સ ફ્લોર પરથી શરૂ થઈ હતી. બેલી ડાન્સર ડાન્સ કરતી હતી ને અચાનક આગ લાગી ગઈ. મૃતકોમાં 4 પ્રવાસીઓ અને 14 સ્ટાફનો સમાવેશ થાય છે, જ્યારે 7 લોકોની ઓળખ હજુ થઈ શકી નથી.

ગોવા પોલીસે ક્લબના મેનેજરની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ક્લબમાં લગભગ 12 વાગ્યે સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. તે એટલો જોરદાર હતો કે થોડી જ મિનિટોમાં આગ આખા ક્લબમાં ફેલાઈ ગઈ. ફાયર બ્રિગેડે લાંબા પ્રયાસો બાદ આગ પર કાબૂ મેળવ્યો.

ઘટનાની જાણ થતાં જ મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને સ્થાનિક ધારાસભ્ય માઈકલ લોબો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે 3 લોકોના મોત દાઝી જવાથી અને બાકીનાના મોત શ્વાસ રૂંધાવાથી થયા છે. આ દુર્ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ક્લબમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું. વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને ફોરેન્સિક (FSL) ટીમ આગના સાચા કારણની તપાસ કરી રહી છે.

આ ઉપરાંત, વડાપ્રધાને આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતા મૃતકોના પરિવારોને 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

ગોવાના ડીજીપી આલોક કુમારે જણાવ્યું કે 23 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. મૃત્યુ પામેલાઓમાં મોટાભાગના ક્લબમાં કામ કરતા કર્મચારીઓ હતા. ડીજીપીએ કહ્યું- આગ સૌથી પહેલા ગ્રાઉન્ડ ફ્લોરમાં બનેલાં રસોડામાંથી ક્લબના અન્ય ભાગોમાં ફેલાઈ હતી. તેથી સૌથી વધુ મૃતદેહ કિચન એરિયામાંથી મળ્યા છે. ભાગવાની કોશિશમાં બે લોકોનું સીડીઓ પર મૃત્યુ થયું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર પ્રશાસને ઘટનાસ્થળને સીલ કરી દીધું છે. પોલીસે આ મામલે ઊંડી તપાસ શરૂ કરી દીધી છે.

નજરેજોનાર ફાતિમા શેખના જણાવ્યા અનુસાર, આગને કારણે ક્લબમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. તે સમયે ક્લબમાં સપ્તાહના અંતે પાર્ટી ચાલી રહી હતી અને લગભગ 100 લોકો ડાન્સ ફ્લોર પર હતા.

જેવો ધુમાડો અને જ્વાળાઓ દેખાઈ કે તરત જ, ઘણા લોકો ગભરાઈ ગયા અને નીચે દોડી ગયા, ભૂલથી ગ્રાઉન્ડ ફ્લોરના રસોડામાં પહોંચી ગયા. ત્યાં પહેલાથી જ રહેલા સ્ટાફ પણ ફસાઈ ગયા હતા. ફાતિમાએ કહ્યું,

CM સાવંતે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે આજનો દિવસ ગોવા માટે ખૂબ જ દુઃખદ છે. અરપોરામાં લાગેલી ભીષણ આગમાં 23 લોકોના મોત થયા છે. હું ખૂબ જ દુઃખી છું અને આ મુશ્કેલ સમયમાં તમામ પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. મેં ઘટનાસ્થળે જઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું અને આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

તપાસમાં એ જાણવા મળશે કે આગ કેવી રીતે લાગી અને શું ત્યાં ફાયર સેફ્ટી અને બિલ્ડિંગના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું કે નહીં. જે કોઈ આ ઘટના માટે જવાબદાર હશે, તેની સામે કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ પ્રકારની બેદરકારી બિલકુલ સહન કરવામાં આવશે નહીં. BJP MLA માઈકલ લોબોએ કહ્યું કે રાજ્યના તમામ ક્લબોનું સેફ્ટી ઓડિટ કરાવવું જરૂરી છે. તેમણે કહ્યું કે પ્રવાસીઓ ગોવાને હંમેશા એક સુરક્ષિત સ્થળ માને છે, પરંતુ આ ઘટના ખૂબ જ ચિંતાજનક છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન થવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રવાસીઓ અને આ ક્લબોમાં કામ કરતા કર્મચારીઓની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ છે. લોબોએ જણાવ્યું કે દુર્ઘટનામાં મોટાભાગના લોકો બેઝમેન્ટ તરફ ભાગતી વખતે શ્વાસ રૂંધાવાથી મૃત્યુ પામ્યા.

## પુતિન બાદ હવે ઝેલેન્સ્કી પણ આવશે ભારત! યાત્રા માટે બંને દેશો વચ્ચે વાટાઘાટો શરૂ....

**નવી દિલ્હી, તા.07**

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન (Russia President Vladimir Putin)ની તાજેતરની ભારત મુલાકાત બાદ હવે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડિમિર ઝેલેન્સ્કી (Ukraine President Volodymyr Zelenskyy) પણ જાન્યુઆરી-2026માં ભારતની મુલાકાતે આવી શકે છે. સૂત્રોના અહેવાલ મુજબ, ભારત અને યુક્રેનના અધિકારીઓ આ પ્રવાસ અંગે સપ્તાહોથી વાતચીત કરી રહ્યા છે. આ મુલાકાતને રશિયા અને યુક્રેન વચ્ચે સંતુલન જાળવવાની ભારતની વિદેશ નીતિ તરીકે જોવામાં આવી રહી છે. જો ઝેલેન્સ્કીનો પ્રવાસ નિર્ધારીત થશે તો છેલ્લા 13 વર્ષમાં યુક્રેનના રાષ્ટ્રપ્રમુખનો ભારતનો પ્રથમ પ્રવાસ હશે. અહેવાલમાં જણાવાયું છે કે, ઝેલેન્સ્કીનો પ્રસ્તાવિત ભારત પ્રવાસ અનેક મુદ્દા પર નિર્ભર રહેશે. એકતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ (US President Donald Trump) દ્વારા બંને દેશો વચ્ચે શાંતિ યોજનાની



કામગીરી ચાલી રહી છે. તો બીજીતરફ ઝેલેન્સ્કી સરકાર એક મોટા ભ્રષ્ટાચાર કાંડમાં પણ ઘેરાયેલી છે. એટલું જ નહીં શાંતિ વાર્તા મામલે યુરોપ અને અમેરિકા વચ્ચે કથિત મતભેદ પણ ચાલી રહ્યો છે, ત્યારે આ તમામ પાસાઓને ધ્યાને રાખ્યા બાદ ઝેલેન્સ્કીનો ભારત પ્રવાસ નિર્ધારિત થઈ શકે છે. ભારતે ફેબ્રુઆરી-2022માં યુદ્ધ શરૂ થયા બાદથી જ વાતચીત અને કૂટનીતિને આગળ વધવાનો એકમાત્ર યોગ્ય માર્ગ ગણાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi)એ સ્પષ્ટ કહ્યું છે કે, ભારત તટસ્થ નથી, પરંતુ શાંતિની સાથે છે. પીએમ મોદી ઝેલેન્સ્કીને આઠ વખત ફોન પર વાત કરી ચૂક્યા છે અને ચાર વખત રૂબરૂ મળ્યા પણ છે.

યુક્રેન યુદ્ધ (Russia-Ukraine War)ના કારણે ભારતને આર્થિક અસર પણ થઈ છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ભારત પર 25 ટકા વધારાનો ટેરિફ લગાવ્યો છે. ટ્રમ્પનું કહેવું છે કે, ભારત સસ્તું રશિયન ક્રૂડ ઓઈલ ખરીદીને રશિયાના યુદ્ધ મશીનરીને નાણાકીય મદદ પુરી પાડી રહ્યું છે. જોકે, ભારત સતત પોતાના રાષ્ટ્રીય હિતો ને સર્વોપરી ગણાવી રહ્યું છે. જાન્યુઆરીમાં ઝેલેન્સ્કીનો ભારત પ્રવાસ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી દિશા આપશે.

## ધીમે ધીમે ઈન્ડિગોના હાલ સુધરી રહ્યા છે, રાજકારણ ન કરે રાહુલ ગાંધી: કેન્દ્ર સરકારનો જવાબ

**નવી દિલ્હી, તા.07**



છેલ્લા કેટલાક દિવસથી ભારતની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો સંકટમાં ફસાઈ છે. દરરોજ સેંકડોની સંખ્યામાં ફ્લાઈટ્સ રદ કરવામાં આવી રહી છે. જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર રઝળી રહ્યા છે. એવામાં કેન્દ્ર સરકાર અને વિપક્ષ એકબીજા પર આરોપ અને પ્રત્યારોપ કરી રહ્યા છે. વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ એવિએશન સેક્ટરમાં મોનોપોલી ( ઈજારાશાહી ) મુદ્દે સવાલ ઉઠાવ્યા તો કેન્દ્રીય મંત્રીએ જવાબ આપ્યો છે કે આ મુદ્દે રાજકારણ કરવું જોઈએ નહીં. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કહ્યું છે, કે રાહુલ ગાંધીએ સમજવું જોઈએ કે આ જનતાથી જોડાયેલો મુદ્દો છે જેના પર રાજકારણ ન કરવું જોઈએ. સરકાર એવિએશન સેક્ટરમાં પ્રતિસ્પર્ધા વધારવા માટે સતત પ્રયાસ કરી રહી છે. જેના માટે સંસદથી કાયદો પણ પસાર કરાયો છે. છેલ્લા ત્રણ દિવસથી અમે ઈન્ડિગો સંકટ મામલે કામ કરી રહ્યા છે. અમે ઈન્ડિગો, એરપોર્ટ સંચાલકો સાથે સતત ચર્ચા કરી રહ્યા છીએ. મુસાફરોને એરપોર્ટ પર અસુવિધા ન થાય તેના પર અમારું ધ્યાન કેન્દ્રિત છે.

રામ મોહન નાયડુએ દાવો કર્યો છે કે એરપોર્ટ સંચાલન હવે મોટા ભાગે સામાન્ય થઈ ગયું છે. તેમણે કહ્યું, કે તમે ખુદ જોઈ શકો છો કે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. સરકારે ઈન્ડિગોને વહેલામાં વહેલી તકે સંચાલન સામાન્ય કરવા નિર્દેશ આપ્યા છે.

## ટ્રમ્પ અને તેમના સંરક્ષણ મંત્રી મોટી મુશ્કેલીમાં ફસાયા, 11 લોકોની 'હત્યા'નો આરોપ લાગ્યો...

**વોશિંગ્ટન, તા.07**

વેનેઝુએલાથી ડ્રગ્સને અમેરિકા આવવાની સામે અભિયાન ચલાવી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો લાગ્યો છે. આ મામલો 2 સપ્ટેમ્બરે એક બોટ પર અમેરિકન હુમલાની સાથે શરૂ થયો હતો. અમેરિકન સરકારના જણાવ્યા અનુસાર, આ બોટમાં ડ્રગ્સ હતું અને તેને અમેરિકામાં લાવવામાં આવી રહી હતી. પરંતુ, હવે આ મામલે નવા અહેવાલ સામે આવ્યા છે, જે અનુસાર જે બોટ પર હુમલો કરી ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી તે અમેરિકા જઈ જ નહોતી રહી.

અમેરિકન ન્યૂઝ મીડિયાના અહેવાલ અનુસાર, આ ઓપરેશનની કમાન સંભાળનારા એડમિરલે સેનેટર્સને જણાવ્યું કે, આ બોટ દક્ષિણ અમેરિકન દેશ સુરીનામ તરફ જતા મોટા જહાજ તરફ જઈ રહી હતી. નોંધપાત્ર વાત એ છે કે, અમેરિકન નૌકાદળના હુમલામાં તેમાં સવાર 11 લોકો માર્યા ગયા હતા.



ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાનો એક વીડિયો શેર કરતા લખ્યું હતું કે, 'આ હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે વેનેઝુએલાથી આ ઓળખાયેલા નાર્કો-આતંકવાદીઓ આંતરરાષ્ટ્રીય જળસીમા પાર કરીને અમેરિકા તરફ ડ્રગ્સ (એક ઝેર જે અમેરિકનોને મારી નાખે છે!) લાવી રહ્યા હતા. આ હિંસક ડ્રગ-તસ્કરી કરનારા કાર્ટેલ અમેરિકન રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ અને મહત્ત્વપૂર્ણ અમેરિકન હિતો માટે જોખમ છે. આ હુમલામાં ત્રણ પુરુષ આતંકવાદીઓ માર્યા ગયા.'

અહેવાલો અનુસાર, એડમિરલે જણાવ્યું કે, બોટ બીજા જહાજ તરફ જઈ રહી હતી. પરંતુ, નૌકાદળ તેની ઓળખ કરી શકી નહીં. જોકે, એ વાતની સંભાવના છે કે, બોટ સૂરીનામથી અમેરિકા તરફ જઈ શકતી હતી. પરંતુ, સામાન્ય રીતે સૂરીનામથી જતા ડ્રગ્સના રસ્તા યુરોપ તરફ જાય છે.

આ અહેવાલ બાદ યુએસ સેક્રેટરી ઑફ વૉર (સંરક્ષણ મંત્રી) પીટ હેગસેથની ભૂમિકા હવે તપાસ હેઠળ આવી ગઈ છે. કારણ કે, તેમણે આ બોટને ઉડાડી દેવાનો આદેશ આપ્યો હતો. અહેવાલ અનુસાર, એડમિરલે સાંસદોને જણાવ્યું કે, તેમની સમજ અનુસાર મિશનનું લક્ષ્ય તમામ 11 લોકોને મારી નાંખવા અને બોટને ડૂબાડી દેવાનો હતો. જેના કારણે હવે હેગસેથ પર આખો વીડિયો ફૂટેજ જાહેર કરવા માટે પણ દબાણ કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે, હેગસેથ હાલ સિગ્નલ ચેટના માધ્યમથી અમેરિકન સૈનિકોના લોકેશનને હૂથી ઉગ્રવાદીઓ સામે સાર્વજનિક કરવાના આરોપનો પણ સામનો કરી રહ્યા છે. એવામાં આ મામલે ખુલાસો થવાથી તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે.



### મિત્રતા, શરીર સંબંધ, સ્પાય વીડિયો, બ્લેકમેઈલ અને ખંડણીનો ખેલ

# સુરતના બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવનાર યુવતી અને વકીલ 20 લાખની ખંડણી લેતા રંગેહાથ ઝડપાયા

**સુરત, તા. 07**

સુરતના એક બિલ્ડર સાથે યુવતીનો મિત્રતા, શરીરસંબંધ, સ્પાય વીડિયો, બ્લેકમેઈલીંગ અને ખંડણીનો ખેલ ખુલ્લો પડ્યો છે. બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા 50 લાખની ખંડણી માગવાનો મામલો સામે આવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાંચે ટ્રેપ ગોઠવી બિલ્ડર પાસેથી 20 લાખ રૂપિયા લેવા આવેલી હેતલ નામની યુવતી અને અભિષેક શેઠીયા નામના વકીલને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

વર્ષ 2022માં આરોપી યુવતી અને બિલ્ડર સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ બંને અલગ અલગ હોટલમાં જતા રહેતા હતા અને શરીર સંબંધ બાંધતા હતા. બિલ્ડરની જાણ બહાર જ અંગતપળોના વીડિયો બનાવી યુવતીએ મોટી રકમ પડાવવાનો ખેલ રચ્યો હતો પરંતુ, સુરત ક્રાઈમ બ્રાંચે તેનો ખેલ ઉંધો પાડી નાખ્યો હતો. સુરતમાં રહેતા બિલ્ડરનો વર્ષ 2022માં હેતલ બારૈયા નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. ત્યારબાદ તેઓ એકબીજાને હળતા મળતા હતા. હેતલને લાગ્યું કે, બિલ્ડર પૈસા પાત્ર છે તો તેના પાસેથી સારી એવી રકમ પડાવી શકાય તેમ છે. હેતલને આવેલા આ વિચાર બાદ હનીટ્રેપની શરૂઆત થઈ. હેતલ દ્વારા બિલ્ડર સાથે વાતચીત દરમિયાન સામાન્ય વીડિયો કોલ અને ન્યૂડ વીડિયો કોલ કર્યા. બિલ્ડરની જાણ બહાર કોલ



રેકોર્ડીંગ કરી લીધા અને પછી ખંડણીનો ખેલ શરૂ કર્યો. ન્યૂડ વીડિયો વાઈરલ કરવાની અને દુષ્કર્મ કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી બિલ્ડર પાસે 50 લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી. જો ફરિયાદ ન કરવી હોય તો અંતે રૂ. 42.50 લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા.

હેતલ અને તેના સાગરિત વકીલ અભિષેક શેઠીયાએ બિલ્ડરને 20 લાખ રૂપિયાનો પ્રથમ હપતો આપવા માટે VR મોલમાં આવેલા ફૂડ ઝોનમાં બોલાવ્યો હતો. બિલ્ડરે હનીટ્રેપ મામલે પોલીસ ફરિયાદ કરતા પોલીસની ટીમ પણ એક્ટિવ હતી. ફૂડ ઝોનમાં બિલ્ડર પાસેથી રૂપિયા 20 લાખ રૂપિયા લઈને હેતલ અને અભિષેક શેઠિયા નીકળે તે પહેલા જ સુરત ક્રાઈમ બ્રાંચે બંનેને 20 લાખની રોકડ સાથે દબોચી લીધા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચે હનીટ્રેપના આ કેસમાં હેતલ વિઠ્ઠલભાઈ બારૈયા અને તેની સાથે રહેલા વકીલ અભિષેક સંજય શેઠીયાની ધરપકડ કરી લીધી છે. જ્યારે ટોળકીમાં સામે અન્ય બે આરોપીઓ વોન્ટેડ હોય તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી રૂ. 20.85 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

બિલ્ડરની ફરિયાદમાં આરોપી મહિલા હેતલબેન પરેશભાઈ બારૈયા અંગે જણાવ્યું હતું કે, બિલ્ડર 2022માં સુરતના મોટા વરાછા ખાતે રહેતા એક મિત્રનું કામ હોવાથી આવ્યા હતા. તે દરમિયાન નાના વરાછા વિસ્તારમાં રહેતી હેતલ સાથે ઓળખાણ થઈ હતી અને હેતલે સામેથી જ પોતાનો મોબાઈલ નંબર આપી દીધો હતો. ત્યારબાદ બંને વચ્ચે વાતચRતો થયા કરતી હતી જેથી સારી મિત્રતા પણ થઈ ગઈ હતી. હેતલ બિલ્ડરને મળવા માટે બોલાવતી ત્યારે કાર લઈને બિલ્ડર સુરત મળવા આવતો હતો. ત્યારબાદ બંને અલગ અલગ મોલ અને ગાર્ડનમાં ફરવા માટે જતા હતા. હેતલ બારૈયાના ડિવોર્સ થઈ ગયેલા છે અને તેને એક નાની દીકરી પણ છે. હાલ હેતલ અને તેની દીકરી બંને એકલા રહે છે. એટલે બિલ્ડરને રૂપિયાની તંગી હોવાનું જણાવતા બિલ્ડર તેને ઘર ખર્ચના રૂપિયા પણ આપતો હતો. પ્રેમ સંબંધ બંધાઈ ગયો હોવાનું કહી હેતલ અલગ અલગ હોટલમાં જવાનું પણ કહેતી હતી. સુરતની અલગ અલગ હોટલમાં રૂમ ભાડે રાખી અને બંને શરીર સંબંધ પણ બાંધતા હતા. બંને દૂર હોય ત્યારે હેતલ બિલ્ડરને વીડિયો કોલ કરતી અને ન્યૂડ વીડિયો કોલ પણ કરતી હતી. આ રીતનો સિલસિલો ત્રણ વર્ષ સુધી ચાલ્યો હતો.

આ તમામ બાબતો વચ્ચે સ્ક્રીન રેકોર્ડિંગ કરેલા ન્યુડ વીડિયો કોલનું વીડિયો બિલ્ડરને મોકલીને બ્લેકમેલ કરવાનું ચાલુ કર્યું હતું. બિલ્ડર ને ડરાવવા માટે કતારગામ ખાતે મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરવામાં આવી હતી. જેમાં હેતલને વકીલ અભિષેકે તમામ મદદ કરી હતી. આ સાથે જ સુરેશ જૈન ઉર્ફે જયેશ પ્રજાપતિ અને અશોક નામના ઈસમોની પણ સંડોવણી સામે આવી હતી.

હેતલ અને વકીલ અભિષેકને ખંડણી સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા બાદ ડીસીપી ભાવેશ રોઝીયાએ જણાવ્યું હતું કે, હેતલ અને બિલ્ડર અઢી વર્ષથી બંને એકબીજાના સંપર્કમાં હતા. બંને વચ્ચે થયેલા ન્યૂડ વીડિયો કોલનું હેતલે સ્ક્રીન રેકોર્ડીંગ કરી લીધું હતું. આ ઉપરાંત અમૂક જગ્યાએ બોલાવી તેના વીડિયો શૂટ કરી લીધા હતા. ત્યારબાદ બિલ્ડર પાસે 50 લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી.

લોકોએ સૌ પ્રથમ તો આ પ્રકારની ગેંગનો ભોગ ન બને તે માટે સાવચેતી રાખવી જોઈએ અને જો ભૂલથી ગેંગનો ભોગ બની જાય તો નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી મદદ મેળવવી જોઈએ. હેતલે આ પહેલા આ રીતે કોઈને ફસાવ્યા છે કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગેસ સિલિન્ડર લીકેજ બાદ થયેલા ધડાકાએ બેનો ભોગ લીધો

### સુરતના સચિનમાં ગેસ લીકેજ બાદ ફ્લેશ ફાયરથી દાઝેલી બે યુવતીના સારવાર દરમિયાન મોત, એકની હાલત ગંભીર

**સુરત, તા. 07**

સુરતના સચિન ગભેણી વિસ્તારમાં ચાર દિવસ પહેલા ઘરમા ગેસ સિલિન્ડર લીકેજ બાદ અચાનક ફ્લેશ ફાયર થતા ઘરમાં આગ લાગતા દાઝી ગયેલા બે બહેન સહિત ચાર વ્યકિત દાઝી ગયા હતા. ચાર પૈકી બે યુવતીના સારવાર દરમિયાન સિવિલ હોસ્પિલટમાં મોત થયા હતા. જેના પગલે બે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

સચિનના ગભેણી રોડ પર બરફ ફેકટરી પાસે ગુરુકૃપા સોસાયટીમાં રહેતી 22 વર્ષીય ભાગ્યશ્રી હરીભાઈ પોલાઈ ગત 2 ડિસેમ્બરે સવારે ઘરમાં ગેસના ચુલા ઉપર રસોઈ બનાવવા જઈ રહી હતી. દરમિયાન ગેસ સિલિન્ડર લીકેજ થતા ફ્લેશ ફાયર થયા બાદ જોરદાર ભડકો થતા આગ લાગી હતી. જેમાં ભાગ્યશ્રી, તેની બહેન રિન્કી (ઉ.વ-19) તથા પડોશી સાલુ રામકિશોર પાલ (ઉ.વ-22) આગની ઝપેટમાં આવતા વધુ દાઝી ગયા હતા અને હરીઓમ સામાન્ય દાઝ્યો હતો.

વધુ દાઝેલી બે બહેન અને એક યુવતનીને સારવાર માટે 108 મારફત નવી સિવિલ હોસ્પિટલમાં લાવતા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શાલુ અને રિન્કીનું મોત નીંપજ્યું હતું. તે મુળ ઓડિશાના ગંજામની વતની હતા. આ અંગે સચીન જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી છે. બંને યુવતીઓના મોતના પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.



સચિન ગભેણી રોડ ખાતે આવેલ ગુરુકૃપા સોસાયટીના પ્લોટ નંબર 327ના ત્રીજા માળે રૂમ નંબર 32માં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ગત 2 ડિસેમ્બર સવારે ફ્લેશ ફાયર થયું હતું. જોત જોતામાં ઘરની અંદર ધડાકા સાથે આગ લાગી ગઈ હતી. આગ એટલી ઝડપી બની હતી કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો પૂરતો સમય મળ્યો નહોતો, જેના કારણે ત્રણ યુવતી ગંભીર રીતે અને એક પુરુષ સામાન્ય દાઝી ગયા હતા. અચાનક બનેલા આ બનાવના પગલે સોસાયટીમાં ભાગદોડ મચી ગઈ હતી.

ગુરુકૃપા સોસાયટીમાં હરિભાઈ પોલાઈ તેની બે પુત્રી ભાગ્યશ્રી (ઉ.વ.22) અને રિન્કી (ઉ.વ.19) સાથે રહે છે અને સંચા ખાતામાં કામ કરી ગુજરાન ચલાવે છે. દરમિયાન ગત 2 ડિસેમ્બર સવારે બંને બહેન જમવાનું બનાવતી હતી, ત્યારે મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતી શાલુરામ મોહન (ઉ.વ.22) આવી હતી. ત્રણેય યુવતી જમવાનું બનાવતી હતી, ત્યારે ઘરમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું.

આગ લાગવાની આ ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. ત્રણેય યુવતી શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી અને એક પુરુષને સામાન્ય ઈજા થઈ હતી. અચાનક બનેલા આ બનાવના પગલે સોસાયટીમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને પણ કરવામાં આવી હતી. સાથે જ દાઝેલી ત્રણેય યુવતીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. બનાવના પગલે સ્થળ પર પહોંચેલી ફાયર વિભાગની ટીમે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

બંને બહેન સહિત ત્રણેય યુવતી ગંભીર રીતે દાઝી ગઈ હતી. સાલુ અને રિન્કી 60થી 70 ટકા જેટલી દાઝી હતી. જ્યારે ભાગ્યશ્રી 40થી 50 ટકા જેટલી દાઝી છે. સાલુ અને રીન્કી શરીરે વધારે દાઝી હોવાથી સ્થિતિ નાજુક હતી. જેથી સિવિલમાં બર્ન્સ વોર્ડમાં સારવાર ચાલી રહી હતી. દરમિયાન ચાલુ અને રીન્કી નું મોત નીપજ્યું હતું.

## ઓનલાઈન યંત્રના જુગાર પર ભાવનગર LCBનો સપાટો : વિદ્યાર્થી, વેપારી, નોકરિયાત, રિક્ષાડ્રાઈવર સહિત 12 શખસ ઝડપાયા, 3 ફરાર

**ભાવનગર, તા. 07**

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરના આડોડિયા વાસ વિસ્તારમાં ચાલતા એક મોટા ઓનલાઈન હારજીતના જુગારના અખાડા પર દરોડો પાડીને કુલ 12 વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી રોકડ, કોમ્પ્યુટર સિસ્ટમ, મોબાઈલ ફોન અને જુગારમાં વપરાતા અન્ય સાધનો મળીને કુલ રૂ.1,92,600નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે અન્ય ત્રણને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

ભાવનગર LCB સ્ટાફને બાતમી મળી હતી કે, ભીખાભાઈ ક નુભાઇ પરમાર રહે. આડોડિયાવાસ તેમના કબજા હેઠળની આડોડિયા વાસની બે દુકાનોમાં અને જીતેશ ઉર્ફે વિવેક દિલીપભાઈ રાઠોડ રહે. આડોડિયાવાસ) તેમની બાજુની પતરાવાળી દુકાનમાં આર્થિક લાભ માટે જુગારનો અખાડો ચલાવે છે. આ શખ્સો બહારથી માણસોને બોલાવી દુકાનમાં રાખેલ મશીન




પર યંત્રોના ચિત્રો પર રોકડ રકમ લગાવી હારજીતનો જુગાર રમાડતા હતા. વિજેતાને લગાડેલી રકમ કરતાં દસ ગણી રકમ ચૂકવીને નસીબ આધારિત આ જુગાર ચાલતો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આરોપીઓ 'ઓનેસ્ટ-1' અને 'સેફરોન' નામની ઓન લા ઈ ન ફ્રેન્ચાઇઝી અને યંત્રોનું વેચાણ કરવાના બહાને આ જુગાર રમાડતા હતા. ગ્રાહકો યંત્રના ચિત્રો પર રૂ.11, રૂ.22, રૂ.33 વગેરે જેવી રકમો લગાડતા હતા. દર પાંચ મિનિટે ઓનલાઈન એક યંત્ર વિજેતા જાહેર થતું હતું. લગાડેલ રકમના નવ ગણા રૂપિયા (દા.ત., રૂ.11 લગાવનારને રૂ.99 આપવામાં આવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ પ્રવૃત્તિ વરલી મટકાના જુગાર જેવી જ છે, જ્યાં આંકડાને બદલે યંત્રનું ચિત્ર વિજેતા જાહેર થાય છે. આ જુગારમાં ગ્રાહકોને કોઈ યંત્ર કે સિક્કા આપવામાં આવતા નહોતા.

# સચિન GIDCમાં યુવકની 5 ચપ્પુના ઘા મારી હત્યા

### પિતાએ હૈયાફાટ રુદન કરતાં કહ્યું, કોઈએ ચાકુ માર્યું ને ગેટની આગળ ફેંકી દીધો, મારી દુનિયા તો ખતમ થઈ ગઈ, એક જ હતો કમાનારો

**સુરત, તા. 07**

ઔદ્યોગિક નગરી સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. સુરતના સચિન GIDC વિસ્તારમાં મોડી રાત્રે એક ગંભીર હત્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં માત્ર 21 વર્ષીય યુવકને ફોન કરીને બોલાવ્યા બાદ ક્રૂરતાપૂર્વક પતાવી દેવાયો છે.

મળતી માહિતી મુજબ, મૃતક યુવકનું નામ ગગનકુમાર મહાનંદ દાસ છે, જેની ઉંમર માત્ર 21 વર્ષ હતી. હત્યારાઓએ ગગનકુમારને મોડી રાત્રે કોઈ બહાને ફોન કરીને સુરતના સચિન GIDC વિસ્તારમાં બોલાવ્યો હતો. અહીં અજાણ્યા હુમલાખોરોએ યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. ગગનકુમારને 5થી વધુ ચપ્પુના ઘા મારવામાં આવ્યા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. હત્યા બાદ તેના મૃતદેહને ફેંકી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ



મૃતકના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. મૃતક ગગનકુમાર જ તેના પરિવારનો એકમાત્ર કમાનારો સભ્ય હતો. પુત્રની હત્યાના સમાચાર મળતા જ તેના પિતાનું હૈયાફાટ રુદન જોવા મળ્યું હતું. પરિવારજનોના આક્રંદથી સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સચિન GIDC પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસે હાલમાં હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં પોલીસ હત્યા પાછળનું કારણ જાણવા પ્રયાસ કરી રહી છે. હત્યા જૂની અદાવતને કારણે થઈ છે કે કેમ, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હત્યારાઓને ઝડપી પાડવા માટે પોલીસે જુદી જુદી ટીમો બનાવી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી શરૂ કરી છે. વધુ વિગતો અને હત્યારાઓની ધરપકડ બાદ જ હત્યાના આ બનાવ પરનો ભેદ ઉકેલાશે.

મુકેશ કુમાર (ભાઈ) એ જણાવ્યું હતું કે, કોને ચપ્પુ માર્યું તેની જાણકારી નથી. ત્યાં કેમેરા લાગેલા છે, ત્યાં કેમેરા પર ચેક કરીને ખબર પડી શકે છે. મારનાર સાથે શું પ્રોબ્લેમ હતો, તે કોઈની સાથે શેર પણ નહોતો કરતો.

પિતાએ જણાવ્યું હતું કે, હું બિહારનો રહેવાસી છું. હું જ્યારે ડ્યુટી પરથી ગયો, તો છોકરાઓ મોં-હાથ ધોઈને ડ્યુટી પર ગયા હતા. તેઓએ હંગામી રૂપે ખાવાનું બનાવ્યું હતું. પછી મેં ખાવાનું બનાવ્યું. બટાકા-ચણાનું શાક અને રોટલી. ટિફિન લઈને ગયા. મેં તેને ટિફિન આપ્યું. પછી તેણે કહ્યું કે અમે ખાઈ લઈશું, તમે જાઓ પપ્પા. હું જતો રહ્યો. પછી અમે બે છોકરાઓને અહીંથી જતા જોયા. જેને અમે ઓળખીએ છીએ, જેને જોયો તે તેનો નજીકનો મિત્ર હતો. તેની સાથે શું છે, તે મને ખબર નથી.

વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે હું રોટલી વગેરે ખાઈને સૂઈ ગયો. ત્યારે લગભગ સાડા અગિયાર વાગ્યે ભાઈ મને બોલાવવા આવ્યા હતા કે ગગન સાથે કોઈ મારપીટ થઈ છે, ચાલો. અમે દોડીને દોડીને ગયા તો જોયું કે તેને કોઈએ ચાકુ માર્યું છે ત્યાં ગેટની આગળ ફેંકી દીધો હતો. હવે કોણે માર્યો, નથી માર્યો, એ તો અમને ખબર નથી. ત્યાં સીસીટીવી કેમેરા છે, ફૂટેજ છે, એ તમે ચેક કરી ખબર પડશે. લડાઈ કરનારો છોકરો ન હતો, તેને કોઈ ફોન કરીને તેને બોલાવ્યો છે, જે 1172માં કામ, 1272માં કામ કરે છે, તેને 753 કે 24 નંબરના ખાતામાં લાવીને તેને મારવામાં આવ્યો છે. દૂર લાવીને મારવામાં આવ્યો હતો.

## ગોપાલ ઇટાલિયા પર હુમલાનો વડોદરામાં ધરણા-રેલી સાથે વિરોધ : આપે ભાજપ-કોંગ્રેસ હાય હાયના નારા લગાવ્યા, કહ્યું: બન્નેની સમજૂતી એક્સપ્રેસ છે

**વડોદરા, તા. 07**

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા પર જૂતાથી થયેલા હુમલાના વિરોધમાં વડોદરા શહેર આમ આદમી પાર્ટીએ શહેરના ગાંધીનગર ગૃહ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ભાજપ સરકાર સામે સૂત્રોચારો કર્યા હતા. સાથે સાથે ભાજપ કોંગ્રેસના હાય હાય અને ગુંડાગર્દી બંધ કરો નારા પણ લગાવ્યા હતા. અને ગાંધીનગર ગૃહથી રેલી કાઢીને વિરોધ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ધરણા પર બેસીને રામધૂન પણ બોલાવી હતી. આ સમયે ગાંધીનગર ગૃહ ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

વડોદરાના આમ આદમી પાર્ટીના લોકસભા પ્રમુખ વિરેન રામીએ જણાવ્યું હતું કે, જામનગરમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર જે રીતે હુમલો કરવામાં આવ્યો છે, એ ભાજપ અને કોંગ્રેસ - બંનેની સંપૂર્ણ મિલીભગતથી થયેલો હુમલો છે, જે દિવસથી વિસાવદરની બેઠક આમ આદમી




પાર્ટીએ જીતી છે, એ જ દિવસથી ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંને પક્ષોને આમ આદમી પાર્ટી કણાની માફક ખૂંચી રહી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, એક બાજુ આમ આદમી પાર્ટીનો વ્યાપ આખા ગુજરાતમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે, ત્યારે એને રોકવા માટે ભાજપ અને કોંગ્રેસ બંને ભેગા મળીને આમ આદમી પાર્ટીને ટાર્ગેટ કરી રહ્યા છે. અમારી સભાઓ ન થાય, રેલીઓ ન થાય, કોઈ પણ કાર્યક્રમ ન થઈ શકે, એ માટે આ પ્રકારના હુમલા કરવામાં આવી રહ્યા છે. આ હુમલાની અમે કડકમાં કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ અને એની સામે આજે અમે અહીં ધરણાં-પ્રદર્શન કરીને વિરોધ નોંધાવીએ છીએ.

તેઓએ કહ્યું હતું કે, ભાજપ સત્તામાં છે. જ્યારે કાયદો અને વ્યવસ્થા કથળી જાય ત્યારે લોકો સ્વાભાવિક રીતે સત્તાધારી પક્ષ પાસે જ જાય છે. અમે વિરોધ પક્ષ છીએ, અમે જનતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ આવા સમયે ભાજપ અને કોંગ્રેસના કેટલાક આગેવાનો મળીને આમ આદમી પાર્ટીના નેતાઓને ટાર્ગેટ કરે છે. એનો અમે સખત વિરોધ કરીએ છીએ.

તેઓએ ઉમેર્યું હતું કે, ગોપાલ ઈટાલીયા પર થયેલા હુમલામાં છત્રસિંહ જાડેજા નામનો કોંગ્રેસનો કાર્યકર્તા હોવાની ઓળખ થઈ છે. વિસાવદરની ચૂંટણી દરમિયાન પણ કોંગ્રેસે આમ આદમી પાર્ટીના નેતાઓને ખરીદવાના પ્રયાસો કર્યા હતા, અને એ પૈસા કોના હતા? ભાજપના હતા, એટલે ભાજપ કોંગ્રેસને પૈસા આપે અને કોંગ્રેસ આમ આદમી પાર્ટીના નેતાઓને ખરીદે. આ બંને પક્ષોની સમજૂતી એક્સપ્રેસ છે. એમને એમ છે કે ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસ ભેગા મળીને આમ આદમી પાર્ટીને હરાવી દેશે, પરંતુ હવે ગુજરાતની જનતાનો આત્મા જાગી ગયો છે અને આ વખતે જનતા જ પરિણામ બતાવનાર છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા જામનગરમાં આમ આદમી પાર્ટીની જન સભામાં કોંગ્રેસના કાર્યકરે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર જૂતાનો ઘા કરતા હોબાળો થયો હતો. જે બાદ આદમી પાર્ટીના કાર્યકરોએ કોંગી કાર્યકરને માર મારતા મામલો બિચક્યો હતો. મહત્વનું છે કે, ગોપાલ ઈટાલિયાએ વર્ષ 2017માં તત્કાલીન ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા પર જૂતાનો ઘા કર્યો હતો.

## સુરતની પહેલી આયુર્વેદિક હોસ્પિટલ બનીને તૈયાર

### લોકાર્પણ પહેલા જ ઓપીડી સેવા શરૂ, શહેરીજનોને મળશે આયુર્વેદિક-હોમિયોપેથિક સારવારનો લાભ

**સુરત, તા. 07**

સુરતવાસીઓ માટે આનંદના સમાચાર એ છે કે, સુરતના ચોકબજાર ખાતે આગામી દિવસોમાં નવી આયુર્વેદિક સરકારી હોસ્પિટલ શરૂ થવા જઈ રહી છે. શહેરીજનોને આયુર્વેદિક સારવારનો લાભ મળે એ માટે લોકાર્પણ ન થાય અને હોસ્પિટલ સંપૂર્ણ કાર્યરત ન થાય ત્યાં સુધી હાલપૂરતી ઓ.પી.ડી.સેવા શરૂ કરવામાં આવી છે.

શહેરીજનો સવારે 9.00થી 1.00 અને બપોરે 3.00થી 5.00 વાગ્યા દરમિયાન ઓ.પી.ડી.નો લાભ લઈ વિવિધ રોગોના વિનામૂલ્યે નિદાન અને સારવાર મેળવી શકશે. દક્ષિણ ગુજરાતની આ પ્રથમ સરકારી આયુષ હોસ્પિટલમાં આયુર્વેદિક સાથે હોમિયોપેથિક દવાઓ અને સારવાર પણ અપાશે.

જિલ્લા આયુષ અધિકારી વૈદ્ય મિલન દશોંદીએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં એક પણ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ન હતી, ત્યારે હવે ચોકબજાર ખાતે આવેલી જૂની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં કેન્દ્રીય આયુષ મંત્રાલય




તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પાંચ માળની અદ્યતન નવી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ નિર્માણ પામી છે, જે આગામી દિવસોમાં શરૂ થનાર છે. અહીં ઓ.પી.ડી. શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આઉટડોર દર્દીઓને આયુર્વેદિક સારવાર મળી રહેશે.

વૈદ્ય મિલન દશોંદીએ ઓ.પી.ડી.નો વધુમાં વધુ શહેરીજનો લાભ લેવા અનુરોધ કરતા કહ્યું કે, શરીર અને મનને તંદુરસ્ત રાખવા માટે આ હોસ્પિટલ સમગ્ર શહેર સહિત દક્ષિણ ગુજરાત માટે એક મહત્વનું આયુર્વેદિક સાથે હોમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર બનશે.

આયુર્વેદિક હોસ્પિટલના હેડ અને વૈદ્ય (પંચકર્મ) તુષાર શાહે જણાવ્યું કે, સુરતમાં 50 બેડની નવી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. આયુર્વેદની વિવિધ સારવાર તબક્કાવાર શરૂ કરવામાં આવશે, ત્યારે હાલ દર્દીઓ માટે શરૂ કરવામાં આવેલી વિનામૂલ્યે ઓ.પી.ડી.સેવાનો લાભ લેવા સુરતવાસીઓને જણાવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# આકાશગંગાના જવાનો 8000 ફૂટની ઊંચાઈથી કૂદ્યા: રાજકોટમાં એરફોર્સ જવાનોના અદભૂત શૌર્ય-સ્ટંટ નિહાળી લાખો લોકો અભિભૂત

**રાજકોટ, તા. 07**

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ટીમ દ્વારા આજે રાજકોટના અટલ સરોવર આસપાસના સ્માર્ટ સિટી વિસ્તારમાં અદ્ભૂત એર-શો દર્શાવવામાં આવ્યો હતો. આકાશમાં યોજાયેલ 'સૂર્યકિરણ એર-શો' એક ઐતિહાસિક અને રોમાંચક સફળતા સાથે સંપન્ન થયો હતો. આ ભવ્ય ઈવેન્ટે રાજકોટ શહેરના ઈતિહાસમાં નવો અધ્યાય જોડ્યો હતો. વિશ્વપ્રસિદ્ધ 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ'ના 9 વિમાનોએ આકાશમાં શૌર્ય, ચોકસાઈ અને તાલમેલના અદભૂત પ્રદર્શનથી લાખો દર્શકોના દિલ જીતી લીધા હતા, જ્યારે 'આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમ'ના જવાનોએ 8000 ફૂટની ઊંચાઈએથી કરેલા દિલધડક જમ્પે ઉપસ્થિત જનમેદનીને દંગ કરી દીધી હતી. તો ગરુડ કમાન્ડો દ્વારા હોલિકોપ્ટર દ્વારા હવામાંથી થતાં રેસ્ક્યૂનો ડેમો બતાવ્યો હતો.

સવારે 10:00 વાગ્યે કાર્યક્રમનો પ્રારંભ થયો તે પહેલાં જ અટલ સરોવર ફરતેના 7 વ્યુ પોઈન્ટ અને 8 પાર્કિંગ પ્લોટ (જેમાંથી 5 જનરલ અને 3 રીઝર્વ) લોકોથી ઉભરાઈ ગયા હતા. લોકોની ભારે ભીડથી મોબાઈલનાં નેટવર્ક અને ઈન્ટરનેટ ઠપ્પ થઈ ગયાં હતાં. એર-શો પૂરો થયાનાં એક કલાક બાદ લોકો માંડ સ્માર્ટ સિટી બહાર નીકળી શક્યા હતાં.






કાર્યક્રમનો આગાઝ ગરૂડ કમાન્ડો દ્વારા શસ્ત્રોના પ્રદર્શન અને પ્રતિષ્ઠિત એરફોર્સ બેન્ડના મધુર પરફોર્મન્સ સાથે થયો હતો. આકર્ષક લાઈવ પરફોર્મન્સે સમગ્ર માહોલમાં દેશભક્તિની ઉર્જા ભરી દીધી હતી. ત્યારબાદ, C-295 એરક્રાફ્ટની ફ્લાયપાસ્ટ સાથે એર-શોનો રોમાંચક પ્રારંભ થયો હતો. શોનું સૌથી મોટું આકર્ષણ 'આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમ'ના જવાનોનું પરાક્રમ રહ્યું હતું. આ જવાનોએ ઉડતા એરક્રાફ્ટમાંથી આશરે 8000 ફૂટની ઊંચાઈએથી પેરાશૂટ સાથે આકાશમાં જમ્પ લગાવ્યો હતો. આ પેરાટ્રૂપર્સે ઝડપભેર નીચે ઉતરીને અનોખા ફોર્મેશન રજૂ કર્યા હતા. જવાનોએ ધરતી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યા બાદ તેમને હેલિકોપ્ટર MI-17V5 દ્વારા વિંગસિંગ ઓપરેશનમાં એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. આ દિલધડક સ્ટંટને જોઈને લોકોની ચીચીયારીઓથી સ્માર્ટ સિટી એરિયા ગાજી ઉઠ્યો હતો. (ગઈકાલનું રિહર્સલ જોવા ક્લિક કરો) મ્યુ. કમિશનર તુષાર સુમેરાએ આ તકે જણાવ્યું હતું કે, IAF દ્વારા રાજકોટ માટે કુલ 5 વસ્તુઓ મંજૂર કરવામાં આવી છે. 7 મેના રોજ મુખ્ય કાર્યક્રમ છે. આ એર-શોમાં ભારતીય વાયુસેનાની 4 પ્રવૃત્તિઓ એકસાથે યોજાઈ રહી છે, જે ખૂબ જ દુર્લભ ઘટના છે. કાર્યક્રમોમાં સૂર્યકિરણ એરોબેટિક ટીમનો ભવ્ય એર શો (સ્ટેટિક ડિસ્પ્લે સાથે), આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમનું હેલિકોપ્ટર દ્વારા પરફોર્મન્સ, એરફોર્સ બેન્ડનું પ્રદર્શન અને IAFના શસ્ત્રોનું સ્ટેટિક ડિસ્પ્લે સામેલ છે. પાર્કિંગ એરિયામાં મિસાઈલ લોન્ચરથી લઈને એરફોર્સના વિવિધ વેપન્સનું પ્રદર્શન પણ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને સશસ્ત્ર દળો અને ખાસ કરીને એરફોર્સમાં કારકિર્દી બનાવવા માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુમાં સુમેરાએ જણાવ્યું કે, રાજકોટમાં આવુ આયોજન પહેલીવાર થઈ રહ્યું છે, અને એકસાથે સૂર્યકિરણ, આકાશગંગા, બેન્ડ અને સ્ટેટિક ડિસ્પ્લેનું સંયોજન બહુ જ ભાગ્યે જ જોવા મળે છે. રાજકોટને આવું સન્માન આપવા બદલ તેમણે એરફોર્સનો આભાર વ્યક્ત કર્યો હતો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમનું આયોજન સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, જેના માટે કોઈ ટિકિટ કે પાસની આવશ્યકતા નહોતી. લોકોની સુવિધા માટે તંત્ર દ્વારા અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં 17થી 20 જેટલી મોટી સ્ક્રીન મૂકવામાં આવી હતી, જેથી મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદની સરળતાથી એર-શોના સાક્ષી બની શકી હતી. આ ઉપરાંત, 30 થી વધુ સાઉન્ડ ટાવર સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતા, જેના માધ્યમથી નાગરિકોને એર-શો અંગેની માહિતી અને એરફોર્સ બેન્ડની સૂરાવલિનો આનંદ પણ મળ્યો હતો. નાગરિકો સ્માર્ટસિટી એરિયામાં કાલાવડ રોડ, જામનગર રોડ, રૈયા ચોકડી અને રામાપીર ચોક પરથી રૈયાધારવાળા રોડ એમ મુખ્ય 4 માર્ગો દ્વારા પહોંચ્યા હતા. તંત્રએ ઈમરજન્સી અને જાહેર સલામતી માટે BRTSના રસ્તા ખાલી રાખ્યા હતા. એર-શો ઉપરાંત, અટલ સરોવરના પાર્કિંગ પ્લોટમાં એર ફોર્સના શસ્ત્રો અને સાધનોનું સ્ટેટિક ડિસ્પ્લે યોજવામાં આવ્યું હતું, જેનો લાભ નાગરિકોએ મોટી સંખ્યામાં લીધો હતો. આ પ્રદર્શનથી યુવાનોમાં રાષ્ટ્રસેવાની ભાવનાને પ્રેરિત કરવાનો અને દેશના વીર જવાનોની તૈયારી, શિસ્ત અને સાહસનો જીવંત અનુભવ કરાવવાનો હેતુ સફળ થયો હતો. રાજકોટના આકાશ અને ધરતી બંને દેશપ્રેમ, ગૌરવ અને સંગીતની સુંદરતાથી રંગાયા હતા. ભારતીય વાયુસેના દ્વારા અટલ સરોવર ખાતે યોજાયેલ ભવ્ય 'સૂર્યકિરણ એર-શો'ની સફળતા બાદ રવિવારે રાજકોટના નાગરિકોને ટ્રાફિક જામની હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એક લાખથી વધુ રાજકોટિયન્સે આ ઐતિહાસિક એર-શો માણ્યો હતો, પરંતુ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ એકસાથે આટલી મોટી સંખ્યામાં લોકોના પરત ફરવાથી અટલ સરોવર આસપાસના તમામ માર્ગો ઉપર જબરદસ્ત ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.


અટલ સરોવરથી રાજકોટ શહેર તરફ જવાના મુખ્ય 4 માર્ગો સહિત અન્ય રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ટ્રાફિકની ગંભીરતા એટલી હતી કે અંદાજિત 1 કલાક સુધી લોકો ટ્રાફિકમાં ફસાયા રહ્યા હતા. આ સ્થિતિના આકાશી દ્રશ્યો પણ સામે આવ્યા હતા, જેમાં રસ્તાઓ પર વાહનોનો અનિયંત્રિત પ્રવાહ સ્પષ્ટ દેખાતો હતો. અટલ સરોવરથી મુખ્ય શહેર તરફના માર્ગો પર બેથી અઢી કિલોમીટર સુધી ટ્રાફિકજામ થયો હતો. કાલાવડ રોડ, જામનગર રોડ, રૈયા ચોકડી અને રામાપીર ચોક તરફના તમામ રસ્તાઓ વાહન-વ્યવહારથી ભરાઈ ગયા હતા, જેના કારણે સામાન્ય વાહનચાલકો અને એર-શો જોવા આવેલા નાગરિકોને ભારે અગવડનો સામનો કરવો પડ્યો હતો. એક તરફ ભારતીય વાયુસેનાનું શૌર્ય અને શિસ્ત દર્શાવતો એર-શો સફળ રહ્યો, પરંતુ બીજી તરફ, આટલી મોટી જનમેદનીને ધ્યાનમાં રાખી ટ્રાફિક નિયમન માટે કરવામાં આવેલી વ્યવસ્થા ઓછી પડી હોવાનું સ્પષ્ટ જણાયુ હતું.

## સુરતમાં કેફે માલિકનું અપહરણ કરી માર મરાયો : કેફેના 8000ના બાકી બિલની ઉઘરાણીમાં યુવાન પર હુમલો

**સુરત, તા. 07**

સુરતના વેસુ વિસ્તારમાં પૈસાની લેવડદેવડને લઈને એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં 8000 રૂપિયાનું બાકી બિલ ન ચૂકવવા બદલ એક કેફે માલિકનું અપહરણ કરી તેને બે યુવાનો દ્વારા બેફામ માર મારવામાં આવ્યો હતો. અપહરણ અને માર મારતા સમયનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો.

આ ઘટના સુરતના વેસુ વિસ્તારમાં આવેલ મેડિનિયન કેફેના માલિક સાથે બની હતી. 23 વર્ષીય કેફે માલિક જસ્મિન વાગાણીએ આ મામલે વેસુ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર FIR નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓમાંનો એક યુવાન, વિવેક જૈન, છેલ્લા બેથી ત્રણ મહિનાથી કેફેનું આશરે 8,000નું



બિલ ચૂકવ્યા વિના બાકી રાખતો હતો. જસ્મિન વાગાણી છેલ્લા ઘણા દિવસોથી વિવેકને ફોન કરીને આ બાકી રકમ ચૂકવી દેવા વિનંતી કરી રહ્યા હતા.

બિલની ઉઘરાણી કરવાથી ગુસ્સે ભરાયેલા વિવેક જૈને પોતાના મિત્ર દીપક જૈન સાથે મળીને એક યોજના બનાવી. બંને યુવાનોએ જસ્મિન વાગાણીનું અપહરણ કર્યું હતું. અપહરણ બાદ, બંને આરોપીઓએ જસ્મિનને બેફામ માર માર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પહેલા લાતો મારી અને ત્યારબાદ ગાલ પર તમાચા માર્યા હતા. આ દરમિયાન, આરોપીઓ એટલા હિંમતવાન હતા કે તેઓ પોતે માર મારતા હતા તેનો વીડિયો રેકોર્ડિંગ પણ કરી રહ્યા હતા.

આ ગંભીર ઘટના બાદ કેફે માલિક જસ્મિન વાગાણીએ તાત્કાલિક વેસુ પોલીસ સ્ટેશનમાં વિવેક જૈન અને દીપક જૈન વિરુદ્ધ અપહરણ અને હુમલાની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે. વેસુ પોલીસે આ મામલાને ગંભીરતાથી લીધો છે અને ખાસ કરીને માર મારતા હોવાના વીડિયો રેકોર્ડિંગના આધારે આરોપીઓ વિરુદ્ધ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે વીડિયોને મુખ્ય પુરાવા તરીકે લઈ બંને આરોપીઓને ઝડપી પાડવા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટેની તજવીજ શરૂ કરી દીધી છે.

## ATM કાર્ડ બદલી લાખોની ઠગાઈ કરનાર રીઢો આરોપી ઝડપાયો

### આરોપી સામે કુલ 39 ગુના, રાજ્યના વિવિધ શહેરોના 12 કેસનો ભેદ ઉકેલાયો

**વડોદરા, તા. 07**

એટીએમમાં પૈસા કાઢવા આવતા નાગરિકોને મદદ કરવાના બહાને કાર્ડ બદલી નાખી લાખો રૂપિયા પડાવી લેનાર રીઢા આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આ આરોપીએ વડોદરા ઉપરાંત ભરૂચ, ડાકોર અને સુરતમાં પણ આવી જ રીતે ઠગાઈ અને ચોરી આચર્યા હતા. આરોપી પકડાતા 12 ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. આરોપીની પૂછપરછમાં ખુલ્યું કે, તે ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને એટીએમનો ઉપયોગ કરવામાં મૂંઝવણ અનુભવતા નાગરિકોને ટાર્ગેટ કરતો હતો. પૈસા કાઢવામાં મદદ કરું એવું કહીને પીન નંબર જાણી લેતો અને હાથચાલાકીથી અસલ કાર્ડની જગ્યાએ પોતાનું ડમી કાર્ડ આપી દેતો હતો. પછી પીડિત




એટીએમમાંથી બહાર નીકળે કે તરત જ અસલ કાર્ડથી પૈસા ઉપાડી લેતો હતો. શહેરના ફતેગંજ પોલીસ સ્ટેશના 5 , ભરૂચના 2, ડાકોર પોલીસ સ્ટેશનના એક ગુનાનો ભેદ ઉકેલાયો છે. આરોપીનો ગુનાહિત ઈતિહાસ જોતાં તે 2014થી સતત આવા ગુનાઓમાં સંડોવાયેલો છે. તેની સામે વડોદરા, આણંદ, ભરૂચ, સુરત, નડીયાદ તથા મહારાષ્ટ્રના પોલીસ સ્ટેશનોમાં IPC 406, 420, 379 તેમજ BNSની જુદી જુદી કલમો હેઠળ 39થી વધુ ગુનાઓ નોંધાયેલા છે.

## ફ્લાઈટ રદ થઈ છે? ચિંતા છોડો! : ટ્રેન બુકિંગ માટે અમદાવાદ એરપોર્ટ પર જ IRCTC કાઉન્ટર શરૂ....

**અમદાવાદ, તા. 07**

છેલ્લા 4 દિવસથી સતત ઈન્ડિગો એરલાઈન ક્રાઈસીસમાંથી પસાર થઈ રહી છે. તેના કારણે અનેક મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા છે. હજારો મુસાફરો રાજ્યના અને દેશના એરપોર્ટ પર હોબાળો મચાવતા પણ જોવા મળ્યા હતા અને ઘણા મુસાફરો રડતા પણ જોવા મળ્યા હતાં. જ્યારે આજે 7 નવેમ્બરે રાજ્યમાં કુલ 43 ફ્લાઈટ કેન્સલ થઈ છે. પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ એરપોર્ટ પર RCTC નું કાઉન્ટર ખૂલતા મુસાફરોને હવે ટ્રેન બુકિંગ માટેનો ઓપ્શન મળી રહેશે. ભારતીય રેલ્વે આગામી 3 દિવસ (7,8 અને 9 ડિસેમ્બર)માં 89 વિશેષ ટ્રેનની 100થી વધુ ટ્રિપ્સ દોડાવશે. મોટા શહેરો જેમ કે મુંબઈ, દિલ્હી, પુણે, હાવડા, હૈદરાબાદ વગેરેમાં આવતા અને



જતા મુસાફરોની ભીડ ઘટાડવા માટે વિશેષ ટ્રેનો; ઉત્તર પૂર્વીય રેલ્વે (NER) દિલ્હી અને મુંબઈ વચ્ચે 6 ટ્રિપ્સ દોડાવશે

ભારતીય રેલ્વેએ શિયાળાની ઋતુ દરમિયાન વ્યાપક ફ્લાઈટ રદ્દીકરણ અને વધારાની ભીડના સંદર્ભમાં મુસાફરીને સરળ બનાવવાનું શરૂ કર્યું છે. આજે શરૂ કરીને આગામી ત્રણ દિવસ(9 ડિસેમ્બર સુધી)માં અનેક ઝોનમાં 89 વિશેષ ટ્રેન સેવાઓ (100થી વધુ ટ્રિપ્સ) દોડાવવામાં આવશે. આનાથી સરળ મુસાફરીમાં મદદ મળશે અને રેલ મુસાફરીની વધતી માંગ વચ્ચે પૂરતી કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે.

ત્યારે આજે પણ એટલે કે 7 ડિસેમ્બરના રોજ સવારે 6 વાગ્યા સુધીમાં ઈન્ડિગોની કુલ 32 ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જેમાં ડિપાર્ચર 17 અને અરાઈવાલ 15 જેટલી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જ્યારે સુરતમાં સવારની 2 ફ્લાઈટ કેન્સલ છે, જે સુરત આવતી ઈન્ડિગોની હૈદરાબાદ અને દિલ્હીની ફ્લાઈટ રદ્દ છે. ત્યારે વડોદરામાં 4 ફ્લાઈટ કેન્સલ થઈ છે. જેમાં મુંબઈ-વડોદરા અને બેંગ્લોર-વડોદરાની આવતી જતી ફ્લાઈટ રદ કરાઈ છે. રાજકોટમાં રાજકોટથી મુંબઈની 2, દિલ્હી, બેંગલોર, પુણેની એક એક ફ્લાઈટ કેન્સલ એટલે કુલ 5 ફ્લાઈટ રદ થઈ છે.

## દોઢ ડઝન ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી ગાંધીધામથી ઝડપાયો

### LCB ઝોન-2ની ટીમે પાટણના કિશોર વારૈયાને દબોચી ગાંધીગ્રામ પોલીસના ગુનાનો ભેદ ઉકેલ્યો, 14 મહિનાથી ફરાર

**રાજકોટ, તા. 07**

ગાંધીગ્રામ પોલીસ મથકની ઘરફોડ ચોરીના ગુનામાં 14 માસથી ફરાર પાટણના રીઢા તસ્કરને એલસીબી ઝોન-2 ટીમે ગાંધીધામથી પકડી લીધો હતો. રાજકોટ ઉપરાંત કચ્છ, બનાસકાંઠા, પાટણમાં દોઢ ડઝન ઘરફોડ ચોરીના ગુનામાં સામેલ તસ્કરને દબોચી ગાંધીગ્રામ પોલીસ મથકના ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો. એલસીબી ઝોન-2 ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતી. તે દરમિયાન ટીમને મળેલી બાતમીના આધારે ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં 14 મહિનાથી ફરાર રીઢા તસ્કર કિશોર માવજીભાઈ વારૈયા (રહે. વારાહી ગામ, પાટણ)ને કચ્છના ગાંધીધામ ખાતેથી ઝડપી પાડી ગાંધીગ્રામ પોલીસના હવાલે કરાયો હતો. ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ રાજકોટ ઉપરાંત પાટણ, બનાસકાંઠા, કચ્છમાં ચોરી સહિતના 17 ગુના નોંધાઈ ચુક્યાનું પોલીસની તપાસમાં ખુલવા પામ્યું છે.

આજીડેમ ચોકડી નજીક વધુ એક ખાનગી ટ્રાવેલ્સની બસ પર



પથ્થરમારો કરી કાચ ફોડી નાંખ્યા હતાં. પથ્થરનો ઘા વાગતા ચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો. જે મામલે આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે જૂનાગઢના ડુંગરપુર ગામના વતની 23 વર્ષીય યુવાન રાહુલ ભીખાભાઈ ધાધલે આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે બિલખા ખાતે આવેલ સંજયભાઈ જેબલીયાની રામનાથ ટ્રાવેલ્સની બસ નં. જીજે-03-બીવી-4524 છેલ્લા બે વર્ષથી ચલાવે છે. આ ટ્રાવેલ્સ બીલખાથી વાયા રાજકોટ થઈ સુરત રૂટમા ચાલે છે.

ગત તા. 3ના સાંજના 7 વાગ્યે બસ ચલાવી બીલખાથી સુરત જવા માટે નીકળ્યો હતો. તેમની સાથે કંડકટર તરીકે ભાવીકભાઈ ખુમાણ હતા. આ બસમાં આશરે 35 જેટલા પેસેન્જર બેસેલ હતા. બસ રાજકોટ ખાતે રાત્રીના 11 વાગ્યાની આસપાસ કોઠારીયા રીંગરોડ, હુડકો ચોકડી અને આજીડેમ ચોકડીનો પુલ ચડતા અચાનક રોડ ઉપર એક પથ્થરનો કોઈએ ઘા કરતા બસની આગળનો મેઈન કાચ ફૂટી ગયો હતો. જે પથ્થર હાથની કોણીમા વાગતા મુંઢ ઈજા થઈ હતી. જેથી આજીડેમ પોલીસે પથ્થરમારો કરી રૂ. 12,500 ની કિંમતનો કાચ ફોડી નાખનાર અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં યુવાન, આધેડના મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ, વિનોદભાઈ નરોત્તમભાઈ લખતરીયા (ઉ.વ. 43, રહે. બજરંગવાડી શેરી નં. 13) આજે સવારે 10:30 વાગ્યા આસપાસ પોતે પોતાના ઘરે હતા ત્યારે બેભાન થઈ જતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આવતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. પરિવારે જણાવ્યું કે, વિનોદભાઈ ઘરે હતા ત્યારે જોર જોરથી શ્વાસ લેવા લાગ્યા હતા. જે પછી બેભાન થઈ ગયા હતા. જેને હોસ્પિટલ ખસેડતા મૃત જાહેર કરાયા હતા. વિનોદભાઈ 2 ભાઈ અને 2 બહેનમાં નાના હતા. તેમના લગ્ન બાદ છૂટાછેડા થઈ ગયા હતા. તેમના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી.

બીજા બનાવમાં ભનુભાઈ નારણભાઈ મિયાત્રા (ઉં. વ. 61, રહે. ભગવતીપરા શેરી નં. 3) ગઈકાલે રાત્રે 9 વાગ્યાં આસપાસ ઘરે હતા ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતા બેભાન થઈ જતા પ્રથમ ખાનગી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કર્યાં હતા. ભનુભાઈને સંતાનમાં 1 પુત્ર અને 3 પુત્રી છે. પોતે કરિયાણાની દુકાને બેસતા તેમના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો હતો. માંડાડુંગર વિસ્તારમાં એક તરફી પ્રેમમાં યુવાને આપઘાત પ્રયાસ કર્યો હતો. યુવકે ગઈકાલે રાત્રે પોતાના ઘરે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આજીડેમ પોલીસે યુવકનું નિવેદન લેવા તજવીજ કરી હતી. આ 28 વર્ષીય યુવકના પરિવારે જણાવ્યું કે, યુવક સોપારી કાપવાનું કામ કરે છે. યુવકને એક યુવતી સાથે એક તરફી પ્રેમ હોય, તેને પામી નહીં શકે તેવા ડરથી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પરિવારે જણાવ્યું હતુ.

## ખોડલધામ પ્રમુખ નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે સુખદ સમાધાન

**ગોંડલ, તા. 07**


ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજે ખોડલધામ મંદિર, કાગવડ મુકામે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને રાજ્ય સરકારમાં નવનિયુક્ત થયેલા લેઉવા પટેલ સમાજના મંત્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.

ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના કાર્યક્રમમાંથી સૌથી મોટા સમાચાર એ સામે આવ્યા છે કે છેલ્લા ઘણા સમયથી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું 'કોલ્ડવોર' આ કાર્યક્રમમાં સમાપ્ત થયું છે.

આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિ રહ્યાં. સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યાં.

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્મા, રાજ્ય સરકારના નવનિયુક્ત લેઉવા પટેલ સમાજના મંત્રીઓ જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા, કમલેશ પટેલનું





સન્માન કરવામાં આવ્યું.

આ સન્માન સમારોહમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં, જેમાં ટ્રસ્ટીઓ, વિવિધ કન્વીનરો અને તેમની ટીમ, રાજકીય અને સામાજિક આગેવાનો, વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તેમજ સોશિયલ ગ્રુપના સભ્યો સહિત સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાનુભાવોને શુભેચ્છાઓ પાઠવી.

ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના કાર્યક્રમમાંથી સૌથી મોટા સમાચાર એ સામે આવ્યા છે કે છેલ્લા ઘણા સમયથી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું 'કોલ્ડવોર' આ કાર્યક્રમમાં સમાપ્ત થયું છે.

ઈફ્કોની ચૂંટણી બાદ જયેશ રાદડિયાએ અનેકવાર નામ લીધા વિના સમાજના અગ્રણીઓ પર નિશાન સાધ્યું હતું અને તેમને રાજકારણ કરવું હોય તો ખુલ્લા મેદાને આવવા માટે ટકોર પણ કરી હતી. જોકે, આ કાર્યક્રમમાં જયેશ રાદડિયાની ઉપસ્થિતિથી નરેશ પટેલ અને તેમની વચ્ચે સુખદ સમાધાન થયું છે. હાલ ખોડલધામ ખાતેના કાર્યક્રમમાં જયેશ રાદડિયા હાજર રહેતા તમામ મતભેદો અને મનભેદો દૂર થયા હોવાની ચર્ચા સમાજમાં ચાલી રહી છે, જે લેઉવા પાટીદાર સમાજ માટે એક સકારાત્મક સંકેત છે.

કાર્યક્રમના અંતે ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને જેતપુર ધારાસભ્ય જયેશ રાદડિયા બંને એક બીજા સાથે વાતચીત કરતાં અને હળવાશની પળોમાં દેખાયા હતા.કાર્યક્રમના અંતે જયેશ રાદડિયાએ એક મોટું નિવેદન આપ્યું હતું કે જયેશ રાદડિયા હોય કે ના હોય ખોડલધામ રહેવાનું જ છે, ખોડલધામ સમાજનું ગૌરવ છે. નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે પાટીદાર અગ્રણી તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ સમાધાન કરાવ્યું હોવાની ચર્ચા થઈ રહી છે.

નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલા કોલ્ડવોર અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે ઘણી વખત જે વાતો વહેતી થઈ હોય છે એ સત્યથી વિપરીત હોય છે. સમાજના કામમાં નરેશભાઈ અને જયેશ રાદડિયા હંમેશા આગળ રહ્યાં છે. ખોડલધામ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ સાથે જ જીતુ વાઘાણીએ ધારાસભ્ય કૌશિક વેકરીયા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## તંત્રી લેખ

# આજા ફસાજા કંપની જેવા શેરબજારના ફીનફલ્યૂએન્સરો સામે તવાઈની જરૂર

શેરબજારમાં નાણા રોકવાની ટીપ્સ આપનારાનો રાફડો ફાટયો છે. ઘેરબેઠા વધારાની આવક મેળવવાના સપનાં જોનારા તેમાં ફસાય છે અને બચત ગુમાવે છે. સોશ્યલ નેટવર્ક પર સતત આવા ઈન્ફ્લ્યૂએન્સરો ભટકાયા કરે છે અને લોકોને ફસાવ્યા કરે છે. હવે આવા ઈન્ફ્લ્યૅન્સરોના વેશમાં સાયબર ક્રાઈમ કરનારા ઘૂસી ગયા છે. સાયબર ક્રાઈમ કરનારા વિવિધ મુદ્દે લોકોને ફસાવે છે તેમાં હવે શેરબજારમાં રોકાણની લાલચ પણ મોખરે છે.

શેરબજારના ઈન્ફ્લ્યૂએન્સરો અનેકવાર પકડાયા છે. પરંતુ સેબી એડવાન્સમાં કોઈ કડક પગલાં ભરતી નથી. સેબી પાસે કોઈ વોચડોગ જેવી સિસ્ટમ નથી કે જેથી લોકો ધૂતારોની સ્કીમથી દૂર રહે. કેટલાક ઈન્ફ્લ્યૂએન્સરો શેરબજારમાં કોવી રીતે રોકાણ કરવું અને રોજના ઘેર બેઠા ૧૦,૦૦૦ રૂપિયા કમાવવાની ટ્રીક્સ સમજાવે છે. આવા લોકો કોઈ ફી લેતા નથી એટલે લોકોને વિશ્વાસ ઉભો થાય છે.

શેરબજાર અનિશ્ચિતતાઓ વચ્ચે ઘેરાયેલું હોય છે. તે લજામણીના છોડ જેવું હોય છે. જેના પાંદડાને ટચ કરતાં સાથેજ તે સંકોચાઈ જાય છે, એમ શેરબજાર આંતરીક અને બાહ્ય પરિબળોની નેગેટીવ અસરો આગળ સંકોચાઈ જાય છે.

શેરબજારને સમજવું બહુ અઘરૂં છે. તેને ઈન્ફ્લ્યૂએન્સરોનો બિઝનેસ લોકોને આંબલી-પીપળી બતાવીને ધૂતવાનું હોય છે. આવા લોકો સાથે સાયબર ક્રિમિનલ્સનું નેટવર્ક પણ જોડાયેલું હોઈ શકે છે. કોને રોકાણમાં બહુ રસ છે તે ઈન્ફ્લ્યૂએન્સરો પાસેથી આસાનીથી જાણી શકાય છે.

સેબીમાં રજીસ્ટર્ડ હોય એવા લોકોજ રોકાણ માટે ગાઈડ કરી શકે છે. તેમના માટે ખાસ આચાર સંહિતા બનાવાઈ છે. જોકે સોશ્યલ નેટવર્ક પર સલાહ આપાનારા પૈકી ૯૦ ટકા સેબી રજીસ્ટર્ડ નથી હોતા. આવા ૯૦ ટકા શેરબજારમાં રોકાણ કરનારા માટે જોખમ સમાન બની જાય છે.

તાજેતરમાં સેબીએ ફિનફલ્યૂએન્સર અવધૂત સાઠે અને એમની ટ્રેડીંગ એકેડેમી પર પ્રતિબંધ મુક્યો છે. તે માર્કેટ ટ્રેઈનર તરીકે જાણીતા હતા અને તે માત્ર નફો કરતા શેરોનો જ વહિવટ કરતા હતા. તેમની એકેડેમીએ એવી છાપ ઉભી કરી હતી કે તેમની ટીપ્સ પ્રમાણે ચાલનારા નફો કરે છે. સેબીએ તેમના પર પ્રતિબંધ મુકતા ઓર્ડરમાં લખ્યું છે કે તે અને તેમની કંપની શેરબજારમાં રોકાણની સલાહ આપતી રજીસ્ટર્ડ કંપની નથી. અહેવાલો અનુસાર સાઠે અને અવધૂત સાઠે ટ્રેડીંગ કંપનીએ કરોડો રૂપિયા કમાયા છે. તેમની સંપત્તિની તપાસ શરૂ કરાઈ છે.

મધ્ય મુંબઈની દાદર ચાલમાં જન્મેલા અવધૂત સાઠેએ મુંબઈમાં એન્જીન્યરીંગની ડિગ્રી મેળવ્યા પછી સિંગાપુર જઈને આઈટી ક્ષેત્રમાં જોબ કરી હતી. ત્યાંથી ૨૦૦૭માં પરત આવ્યા બાદ ઈન્વેસ્ટમેન્ટ પર ધ્યાન પરોવ્યું હતું. ૨૦૦૮માં સાઠે ટ્રેડીંગ શરૂ કરીને ૧૭ સેન્ટરો શરૂ કર્યા હતા. તેમના અભ્યાસ ક્રમમાં ટેકનીકલ એનાલીસીસ, સાયકોલોજી, યોગ અને મોટીવેશન જેવા વિષયો રહેતા હતા. દેશ વિદેશના લોકો શેરબજાર ટ્રેડીંગ શીખવા તેમાં જોડાતા હતા.

તેમની યુટયુબ ચેનલના ૧૦ લાખ જેટલા સબસ્ક્રાઈબરો હતા. તેમની વેબસાઈટ અનુસાર તેમના ત્રણ મહિનાના ટ્રેનીંગ ક્લાસની ફી ૨૧,૦૦૦થી ૧.૭ લાખ જેટલી હતી.

# ભૂતપૂર્વ ન્યાયાધિશો અને વકીલોનો સીજેઆઇ પર ખુલ્લો પત્ર

લગભગ ૨ ડઝનથી વધુ ભૂતપૂર્વ ન્યાયાધિશો, વકીલો અને શિક્ષણ શાસ્ત્રીઓએ દેશના ચીફ જસ્ટીસ સૂર્યકાંતને એક ખુલ્લો પત્ર લખ્યો છે. સીજેઆઈએ રોહિંગ્યાઓ વિશે કરેલી ટિપ્પણીનો વિરોધ આ પત્રમાં કરવામાં આવ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, રોહિંગ્યાની સરખામણી ઘૂસણખોરો સાથે કરવી યોગ્ય નથી. રોહિંગ્યાઓ અત્યાચાર અને ત્રાસથી ભાગીને ભારત આવ્યા હતા. પત્ર લખનારાઓએ સીજેઆઈને અપીલ કરી છે કે, એમણે બંધારણને માન આપીને કોઈપણ વ્યક્તિ કોઈપણ દેશની હોય એમના પ્રત્યે દયાભાવ રાખવો જોઈએ. કેમ્પેઇન ફોર જ્યુડિશિયલ એકાઉન્ટિબિલિટી એન્ડ રીફોર્મ્સની ટીમ પણ સીજેઆઈને પત્ર લખવામાં સામેલ હતી. સીજેઆઈએ બીજી ડિસેમ્બરે રોહિંગ્યાઓ બાબતે દાખલ થયેલી એક અરજી બાબતે તીખી ટિપ્પણી કરી હતી.

દિલ્હી પોલીસની ઈકોનોમીક એસન્સ શાખાએ નેશનલ હેરલ્ડ કેસ બાબતે કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમારને નોટીસ આપી છે. શિવકુમારને ૧૯મી ડિસેમ્બર સુધીમાં નાણાકીય વ્યવહારો સંબંધીત તમામ જાણકારી સાથે દસ્તાવેજ જમા કરાવવાનું કહેવામાં આવ્યું છે. કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે આરોપ છે કે, એમણે યંગ ઈન્ડિયન દ્વારા એસોસીએટેડ જર્નલ્સ છેતરપીંડીથી મેળવી લેવાનું કાવતરૂ કર્યું હતું. ઈડી ઓફિસની તપાસ પછી આ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. અત્યાર સુધી જે કોંગ્રેસના નેતાઓના નામ નેશનલ હેરલ્ડ કેસમાં આવ્યા હતા એમાં ડી કે શિવકુમારનો ઉલ્લેખ થયો નહોતો. ઉપમુખ્યમંત્રી પાસેથી માગેલા દસ્તાવેજોમાં નાણાકીય વ્યવહારો, ઈન્કમટેક્સ રીટર્ન અને દાન પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. પોલીસે એમની પાસેથી કોંગ્રેસ સાથેના સંબંધો અને એ સીવાય કોંગ્રેસ સાથે જોડાયેલી સંસ્થાઓને એમણે આપેલા પૈસા બાબતે જાણકારી માંગી છે. શ્રી માતા વૈષ્ણો દેવી ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એકસેલન્સ પોતાનું પહેલું સત્ર શરૂ કરે તે સાથે જ બંધ થઈ જાય એવી શક્યતા છે. પહેલા સત્ર માટે જે વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવ્યું છે એમને નેશનલ મેડિકલ કાઉન્સીલ બીજી કોલેજોમાં બેઠકો ફાળવશે. જમ્મુ-કાશ્મીર ભાજપના નેતાઓ કેન્દ્રીય આરોગ્ય મંત્રીને મળ્યા હતા. ત્યાર પછી આ ચર્ચાએ જોર પકડયું છે. વિરોધપક્ષના નેતા સુનિલ શર્માએ પણ શ્રી માતા વૈષ્ણોદેવી સાઈન બોર્ડએ કરેલી મેડિકલ કોલેજની સ્થાપનાને અકારણ ગણાવી છે. અત્યાર સુધી શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિ સાઈન બોર્ડના આ પગલાને ગેરકાયદેસર ગણાવીને હિન્દુઓ દ્વારા કરવામાં આવેલા ચઢાવાનો સદઉપયોગ કરી હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતાને ઉત્તેજન આપવા ગુરુકુળ અથવા યોગ કેન્દ્ર ખોલવાની વકીલાત કરતું હતું. ભાજપના નેતાઓની નારાજગી જોતા ભાજપ હાઈકમાન્ડે પણ આ વિવાદમાં ઝુકાવ્યું છે. બિહાર વિધાનસભાની ચાલુ કાર્યવાહી દરમિયાન યુરોપની યાત્રાએ ગયેલા બિહાર વિરોધપક્ષના નેતા તેજસ્વી યાદવની ટીકા થઈ રહી છે. ભાજપના પ્રવક્તા શાહનવાઝ હુસૈનએ કહ્યું છે કે, તેજસ્વી યાદવ હવે રાહુલ ગાંધીને પોતાના આદર્શ માને છે અને એમના રસ્તે ચાલી રહ્યા છે. પહેલા એમણે છઠ મહાપર્વનું અપમાન કર્યું હતું. હવે ક્રિસમસની ઉજવણી માટે તેઓ પણ વિદેશ ગયા છે. સંસદના ચાલુ સત્ર છોડીને રાહુલ ગાંધીની જુની ટેવ છે. જેડીયુના સંસદસભ્ય દિનેશ્વર કામતે કહ્યું હતું કે, પ્રજાએ આરજેડીને જાકારો આપ્યો છે. એમની પાસે કોઈ મુદ્દા નથી. વિધાનસભામાં ચર્ચા કરવા માટે પણ એમને ફાંફા પડે છે.

# રાવણની પટરાણી મંદોદરી પોતાનાં પૂર્વ જન્મમાં મધૂરા નામની એક અપ્સરા હતી!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પતિવ્રતા સ્ત્રી વિશે વાત કરીએ, તો રામાયણ કાળમાં ઉર્મિલા અને માંડવી એ પતિવ્રતા સ્ત્રીનાં પરફેક્ટ ઉદાહરણ છે, એમાં કોઈ બેમત નથી. સતયુગમાં પતિવ્રતા સ્ત્રી માટે એક વાક્યમાં કહેવું હોય તો, સ્વપ્નમાં પણ જે સ્ત્રી અન્ય પુરુષનો વિચાર ન કરે તે પતિવ્રતા. ત્રેતાયુગમાં પતિની ઈચ્છા એ જ પરમ ધર્મ, એટલે કહેવું ન પડતું, કે આમ કરો! એને આ ગમશે! નહીં ગમે! એમ પોતે જ સમજી જતી. દ્વાપરમાં પતિની આજ્ઞા અનુસાર જીવે એ પતિવ્રતા, આજથી એ તમારી દાસી, આજથી તુ મારી પ્રિયા નથી,કે કોઈ અન્ય છે! અને એ બિચારી....દ્રૌપદી ચિરહરણની ઘટનાથી સૌ કોઈ પરિચિત છે, એટલે કે દેવી ધીરે ધીરે સાધન બનતી ગઈ. પરંતુ કળિયુગમાં જો પતિવ્રતાની કોઈ વ્યાખ્યા આપવાનું કહે તો, ચોવીસ કલાક જે પતિના આર્થિક, શારીરિક, માનસિક, અને સામાજિક હિતનું વિચારીને જીવે તે પતિવ્રતા. આપણે જ્યારે પતિવ્રતાની વાત કરીએ તો રામાયણ કાળમાં આપણને એક સ્ત્રી એવી દેખાય છે, જેણે પોતાના પતિનું હિત વિચાર્યું હતું, અને વારંવાર તેને પ્રાર્થના પણ કરી હતી, તો આજે આપણે ચિંતનમાં એના વિશે વાત કરીશું.

મંદોદરી વિશે રામાયણમાંથી એટલો મોટો કોઈ સંદર્ભ મળતો નથી, પરંતુ તે રાવણની પાંચ રાણી ઓમા સૌથી સુંદર રાણી હતી, અને લંકાની પટરાણી હતી. ઈન્દ્રજીત અને અક્ષય જેવા ધુરંધર યોદ્ધાની માતા હતી. રાવણ જ્યારે સીતાનું અપહરણ કરી અને લંકામાં લાવે છે, ત્યારે જ મંદોદરી એ કહ્યું હતું કે નાથ તમે એને એના પતિને સોંપી દો! નહીં તો એ તમારા મૃત્યુનું કારણ બનશે! રાવણે કહ્યું હતું કે તમારું પટરાણીનું પદ જોખમાય છે, એવું વિચારીને તમે આ વાત કરી રહ્યા છો! તમને મારી શક્તિ પર સંદેહ છે? ત્યારે મંદોદરી એ ના પાડી હતી, અને કહ્યું હતું કે જો એ સ્વેચ્છાએ તમારી સાથે લગ્ન સ્વીકારે, તો મને પટરાણી પદ છોડવામાં કોઈ જ વાંધો નથી. હું તો માત્ર તમારા હિતનું વિચારીને તમને રોકી રહી છું. માત્ર તમારું નહીં, પરંતુ રાક્ષસ કુળનો નાશ થવાનો છે, એવા ભવિષ્યના ભણકારા મને સંભળાય છે. ભાઈઓ ભાઈઓમાં વેર થશે, આપણા સંતાનો હણાઈ જશે, અને કેટકેટલી બરબાદીનું કારણ છે આ સ્ત્રી. માત્ર એક સ્ત્રીનો મોહ તમને બહુ ભારે પડશે, તમે અત્યંત શક્તિશાળી છો, અને પૃથ્વીને જીતી શકો એટલી શક્તિ ધરાવો છો! મને તમારી શક્તિ પર કોઈ શંકા નથી, પરંતુ અનીતિ કરીને જે કંઈ મેળવવામાં આવે, તે અંતે ફળદાયી સાબિત થતું નથી, કે તેનાથી સુખ પ્રાપ્ત થતું નથી. આ સ્ત્રી જો પોતે ઈચ્છે કે એ તમારી પત્ની બનવા રાજી છે, તો એ અનીતિ નથી. પરંતુ એની ઈચ્છા વિરુદ્ધ થતું કાર્ય અનીતિ છે, અને એ ક્યારેય સુખ આપી શકે નહીં, અને વિનાશનું



કારણ બનશે, આ વાત હું તમને જણાવવાં માંગુ છું. હે નાથ કૃપા કરીને તમે સીતાને એના પતિને પાછી સોંપી દો! બસ આવો એક નાનકડો સંવાદ રામાયણમાં રાવણ અને મંદોદરી વિશે છે, અને એના પરથી સ્પષ્ટ થાય છે કે મંદોદરી પોતાના પતિનું હિત ઈચ્છતી હતી. એના પરથી બીજું એક સત્ય એ પણ સાબિત થાય છે, કે રાવણ પતિ તરીકે સારો રહ્યો હશે, અને પતિ-પત્ની વચ્ચે આવા સંવાદની ભૂમિકા પણ એ સમયે રહી હશે, તો જ મંદોદરી તેને સમજાવવાની કોશિશ કરી શકે! પરંતુ દસ મસ્તકનું અભિમાન ધરાવતો રાવણ મંદોદરીની સીધી સાદી વાત એટલે કે નીતિ અનીતિની વાત સમજી શક્યો નહીં, અને તેણે સીતા માટે યુદ્ધને સ્વીકાર્યું,અને અંતે પ્રભુ શ્રી રામ ના હાથે મરાયો. મંદોદરી ને જ્યારે ખાતરી થઇ ગઈ કે રાવણ માનશે નહીં, અને યોદ્ધ થઈને જ રહેશે ત્યારે તે અશોક વાટિકા માં સીતા ને મળવા જાય છે, અને તેને કહે છે કે તે એનાં પતિની વાત માની જાય! આ ઉપરાંત સીતા ને કોઈ પણ મદદની જરૂર હોય તો પણ જણાવવા કહ્યું. એણે પતિવ્રતા સ્ત્રીના વ્રત કરી અને પોતાના પતિનું આયુષ્ય વધારવાની કોશિશ પણ કરી હતી, એ સમયે કોઈ ચોક્કસ વડને પૂજવાથી અને વ્રત રાખવાથી પતિનું આયુષ્ય વધે છે, એવી માન્યતા પ્રચલિત હતી. મંદોદરી એ એ વ્રત પણ કર્યું, પરંતુ હનુમાન ત્યાં આગળ વાનર બનીને પહોંચ્યા,અને મંદોદરી એ રાવણ માટે એકઠા કરેલાં આયુધન ને ચોરી ગયાં એવી પણ એક દંતકથા મળે છે.

પુરાણોમાં મંદોદરીના જન્મ વિશેની પણ એક કથા મળે છે,કે મંદોદરી પૂર્વેના જન્મમાં મધુરા નામની એક અપ્સરા હતી, અને તે ભગવાન શંકરથી બહુ જ પ્રભાવિત હતી. તેને પ્રસન્ન કરવા તે તપ કરતી હતી,અને એક વાર તે કૈલાસ પર પહોંચી ગઈ. ત્યાં આગળ માતા પાર્વતીની ગેરહાજરી જોતાં, તેણે ભગવાનની કઠિન તપશ્ચર્યા કરી, અને ભગવાન શંકરને રીઝવવાનો પ્રયત્ન કર્યો. થોડીવારમાં પાર્વતીજી ત્યાં આવી પહોંચ્યા અને તેણે એ અપ્સરાનાં શરીર પર ભસ્મને જોઈ તેને મધુરાને શ્રાપ આપ્યો કે તે બાર વર્ષ સુધી દેડકી બની જશે. ભગવાન શંકરે પાર્વતીજીને શાંત કરતા કહ્યું કે દેવી તમે સમજો છો, એવું કંઈ થયું નથી, એ માત્ર તપના આવિર્ભાવમાં હતી. દેવી પાર્વતીએ કહ્યું કે હવે શ્રાપ તો મિથ્યા નહીં થાય, પરંતુ 12 વર્ષ પછી તે પોતાનું મૂળ શરીર પ્રાપ્ત કરી શકશે. અસુર રાજ મય અને તેની પત્ની હેમાને બે પુત્રો હતાં, છતાં તેમને પુત્રીની ઝંખના હતી, અને આથી તેમણે ભગવાન શંકરની તપસ્યા કરવા તેઓ કૈલાસમાં આવ્યાં, અને દંપતીએ બહુ કઠિન તપશ્ચર્યા કરી. પરંતુ ભગવાન પ્રસન્ન થાય એ પહેલાં જ કૂવામાંથી દેડકીનાં રડવાનો અવાજ આવ્યો, અને તે બંને તેને બહાર કાઢી. દેડકીએ પોતાની વિતક કથા કહી સંભળાવી. તેઓને તેની પર મમતા આવી, અને રાજ મહેલમાં લઈ આવ્યાં. સમયાંતરે દેડકીએ ફરી પાછી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. એકવાર રાવણ આવી ચડ્યો, અને તેણે અત્યંત સુંદર એવી મંદોદરીને જોઈ. રાવણ તેના રૂપથી પ્રભાવિત થયો, અને તેણે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો. પરંતુ અભિમાની એવા અસૂરરાજે પ્રસ્તાવને નકાર્યો. મંદોદરી જાણતી હતી કે રાવણ પોતાના પિતા કરતાં વધુ શક્તિશાળી છે, અને પોતાને આશરો આપનાર માતા પિતાના મૃત્યુનું કારણ પોતે બનવા માંગતી નહોતી, આથી તેણે રાવણ સાથે લગ્ન સ્વીકારી લીધા, આમ મંદોદરી રાવણની પટરાણી બની.

રામાયણ કાળના સ્ત્રીપાત્રોના પરિચય પરથી બીજી એક વાત દેખાય છે કે દેવતાની પત્ની હોય, ઋષિની પત્ની હોય, રાજાની પત્ની હોય, કે રાક્ષસની પત્ની હોય, તેઓ પોતાના ચરિત્રને બરકરાર રાખી શકી. એટલે કે પતિ સિવાય કોઈ માટે તેમણે વિચાર્યું નહીં, તેમની ઈચ્છા, આજ્ઞા, કે હીત મુજબ તેઓ જીવી ગયાં.કોઈ કાગળમાં શૂન્ય દોરતા હોઈએ તો જે બિંદુ પરથી શરૂ કરીએ, એ જ બિંદુ પર પાછા આવીએ, ત્યારે વર્તુળ અથવા તો શૂન્ય કે પછી મીંડું કહો, તેની રચના થાય. સમય પણ ચક્રાકારે ગતિ કરી રહ્યો છે, અને એ રીતે વર્તુળને પૂરું કરવું હોય, તો એ જ બિંદુ પર પાછા જવું પડે! એ જ ચરિત્રોને આત્મસાત કરવા પડે! અને એ મુજબ જીવવું પડે! તો જ વર્તુળ પૂરું થાય. આપણે સૌ ઈચ્છીએ છીએ કે કળીનો આ કાળ હવે સમાપ્ત થાય, અને સતયુગની શરૂઆત થાય! પણ પ્રયત્ન તો આપણે જ કરવો પડશે, તો જ આ પ્રક્રિયા આગળ ચાલશે, અને ક્યારેક અંજામ પર પહોંચશે. આપણે સૌ એવો પ્રયત્ન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# લીમડાને પણ,ખોટુ તો લાગતુ હશે જેના છાંયડે બેસીને પણ લોકો એને કડવો કહે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બધા દિવ્ય સદગુણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણજી વિવેકનું, ભરતજી કુરાગ્યનું અને શત્રુઘ્ન સદ્વિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન એટલે વૈરાગ્ય અને સદ વિચાર. જો અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને આધીન થાય, નહીંતર નહીં.

ચંદન અને પુષ્પથી રામજીનીસેવા કરો એ ઠીક છે,પણ રામજીની આજ્ઞાનું પાલન કરોએ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવાએ છે કે,ભગવાનની આજ્ઞા ઓનું પાલન કરવું.જો તેમ કરવા માં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી,તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છેકે,તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઈએ છીએ. વર્તન રાવણ જેવું રાખો અને રામનામનો જાપ કરો તો રામનામનું ફળ મળતું નથી. વર્તન રામ જેવું રાખો અને રામ નામનો જપ કરો તો તાળવામાંથી અમૃત ઝરશે. રામજીની ઉત્તમ સેવાએ છે કે,રામજીનો એક એક સદગુણ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે. જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે. રામજી સકળ સદગુણોનો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરેછે




વાલ્મિકી વિચાર કરે છે કે, રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું? બહુ વિચાર કર્યો, પરંતુ કોઈ ઉપમા ન જડી ત્યારે બોલ્યા કે, રામ જેવા રામ જ છે.

તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવ દેવીને,પરંતુ વર્તન રામજીનું જેવું રાખો. શંકરના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ સફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે. શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે.ગોકુળલીલામાં પુષ્ટિ છે,રામલીલામાં મર્યાદા છે. રામજીનું સમગ્ર વર્તનઅનુકરણીય છે.રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ રાખતા. મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે કંઈપણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે.રામ માતાપિતા ની આજ્ઞામાં હંમેશાં રહેતા.રામ સદા દશરથ-કૌશલ્યા ને પ્રણામ કરતાં.આજે તો છોકરાઓને પિતાની મિલકત લેતાં સંકોચ શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે!માતાપિતા લક્ષ્મી-નારાયણ સ્વરૂપ છે.તેમને વંદન કરો. સ્વચ્છંદી રીતે કદી ન વર્તો.

રઘુનાથજીની ઉદારતાનો, રઘુનાથ જીની દીનવત્સલતાનો જોટો જગમાં નથી. રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી. રામચરિત્ર દિવ્ય છે. રામજીનું ચરિત્ર સર્વને ડોલાવે છે. તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે.રામજીની કથા એવી દિવ્ય છે કે, જે એ સાંભળે તે એમાં ભાવ વિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે એ જોઈ બ્રાહ્મણને ચિંતા થઈ કે, શેષનાગ, જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે,તે જો આ રામ કથા સાંભળી ડોલવા માંડે તો સૃષ્ટિની શું દશા થાય?તેથી તેમણે શેષનાગને-સર્પમાત્રને કાન આપ્યા નથી એમ કવિઓ કહે છે. રામની કથાનું આટલું માહાત્મ્ય છે.

રામજી પિતૃભક્ત છે.પિતાનું બધું રાખ્યું,પણ એક વસ્તુ એમણે રાખી નથી.દશરથનું બહુ પત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી મુખથી નહીં પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે.

રામજી સર્વ સદગુણના ભંડાર છે. સર્વમાંથી શુભ લેનારા છે,પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે. પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તો તે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે.રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં.આ શાસ્ત્રનીમર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે.

વાલ્મીકિ-રામાયણના સુંદરકાંડમાં એક કથા છે. હનુમાનજી સીતાજી ને અશોકવનમાં મળે છે.વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે.

ત્યારે હનુમાનજી કહે છે કે, આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડીને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે, ના. તું મારો દીકરો છે, તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરુષ-અને હું સ્ત્રી છું. મારા માટે પરપુરુષનો સ્પર્શ વજર્જ્ય છે.

મનુષ્યજીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં.સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુસંતોનો પણ ચરણ સ્પર્શ ન કરે.સીતાજી આદર્શ સ્ત્રી ધર્મનું તત્ત્વ જગતને બતાવે છે, રામ સરળ છે પણ સીતાજીની સરળતા અલૌકિક છે.

વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું.રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો. ત્યારે કૈકેયીને પગે લાગી રામજીએ કહ્યું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું, હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું. મા, હું જાણું છું કે, તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ મારામાં વિશેષ છે એ હું જાણું છું. હું જાણું છું કે, ઋષિ મુનિઓનો મને સત્સંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તે મને વનવાસ આપ્યો છે. અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયીપણું પણ આખરે ટકી શકતું નથી.

શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે.હનુમાનજી રામકથા સાંભળે છે.આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે જોઈએ તો વાચક ચાહક મિત્રો આપણે ઘણી વાર જીવનમાં આવતી નાની મુશ્કેલી ઓનો વધુ પડતો અંદાજ લગાવી એ છીએ,અને તેનો સામનો કરવાને બદલે,આપણે પીડાતા રહીએ છીએ. સમય બગાડ્યા વિના આ મુશ્કેલીઓનો સામનો કરવાની જરૂર છે, અને જ્યારે આપણે આમ કરીએ છીએ, ત્યારે એક સમસ્યા જે એક સમયે પથ્થર જેવી લાગતી હતી તે ટૂંક સમયમાં એક નાનો કાંકરો બની જશે,એક ઉકેલ જેને આપણે સરળતાથી દૂર કરી શકીએ છીએ અને આગળ વધી શકીએ છીએ. આપણે અહીં અટકીએ અસ્તુ.

# પ્રધાનમંત્રી આવાસના મકાન અપાવવાના નામે ઠગાઈ

## વડોદરાના 4 લોકો પાસેથી અમદાવાદમાં રહેતા ઠગ એજન્ટે 1.78 લાખ પડાવ્યા, સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

**વડોદરા, તા. 07**

વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા પ્રધાનમંત્રી આવાસના મકાનો અપાવવાનું કહી ઠગ એજન્ટ દ્વારા 4 લોકો પાસેથી રૂપિયા 1.78 લાખ પડાવ્યા હતા. સરકારી કામમાં તેને મોટા સાહેબ ઓળખે છે અને ચોક્કસ તમને મકાન અપાવીશ, તેમ કહીને લોકોનો વિશ્વાસ કેળવ્યો હતો. પરંતુ આ એજન્ટે મકાન નહીં અપાવતા તેની સામે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલ નરહરિ હોસ્પિટલ પાછળ કમાટીપુરા ખાતે રહેતા ગુલાબસિંગ ઉદેસીંગ જાદવને વડોદરા શહેરના સમા વિસ્તારમાં બનેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાન ખરીદવું હતું, જેથી તેઓ મકાન મેળવવા માટે જુલાઈ-2024મા માહીતી તથા જરૂરી દસ્તાવેજ ભેગા કરતા હતા. તેમની પાડોશમાં રહેતા કીર્તિબેન કહારે તેમની પત્ની પદમાનો સંપર્ક કર્યો હતો અને જણાવ્યુ હતું કે, તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવવા માટે ફોર્મ ભરેલું છે. ફોર્મ ફરવાની પ્રોસેસ સંજય રાજુભાઈ પ્રજાપતિ મારફતે છે.

સંજય પ્રજાપતિ પ્રધાનમંત્રી આવાસ યોજનાના એજન્ટ તરીકે કામ કરે છે અને તેઓની કોર્પોરેશની ઓફિસમાં પહોંચ હોવાથી ગેરેન્ટીથી મકાન અપાવી શકે છે તેમ જણાવતા દંપતીને સંજય પ્રજાપતિ થકી ફોર્મ ભરાવવાનુ નક્કી કર્યું હતું. સંજય પ્રજાપતિ દંપતીના ઘરે ગયો હતો. તેમને સરકારી કામમાં તેને મોટા સાહેબ ઓળખે છે અને ચોક્કસ તમને




મકાન અપાવીશ તેવો વાયદો કર્યો હતો અને ઉપર સાહેબને રૂ.50 હજાર આપવા પડશે તેમ જણાવ્યુ હતુ.

સંજય પ્રજાપતિ ઉપર વિશ્વાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ લઈ મકાન મેળવવા માટેનું ફોર્મ ભરવાનુ નકકી કર્યું હતું અને જરૂરી ડોક્યુમેન્ટ આપ્યા હતા. ત્યારબાદ સંજય પ્રજાપતિએ તેમને ફોન કરીને ફાઈલ ચાર્જ અને સાહેબને આપવાના છે, તેમ કહીને ગુલાબસિંગ જાદવ પાસે રૂપિયા માંગ્યા હતા, જેથી તેમણે સંજય પ્રજાપતિને 59 હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ એક માસ પછી સંજય પ્રજાપતિનો સંપર્ક કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે, આજકાલમાં તમારા ઘરે લેટર આવશે. પરંતુ કોઈ મકાન મળ્યું હોવાનો લેટર આવ્યો ન હતો અને પરંતુ કોઈ આવાસનું મકાન અપાવ્યું ન હતું.

સંજય પ્રજાપતિ અલગ અલગ વ્યક્તિઓ પાસેથી પ્રધાનમંત્રી આવાસ યોજના મકાન અપાવવાના બહાને પૈસા લીધા હોવાની હકિકત જાણવા મળી હતી. જેમાં પાડોશી સતિષ ખાનવીલકર પાસેથી પણ રૂપિયા 54 હજાર તથા પટેલ મયંક પાસેથી 39 હજાર તેમજ કીર્તિબેન પાસેથી 32 હજાર મળી કુલ રૂપિયા 1.78 લાખ પડાવ્યા હતા. પરંતુ કોઈને મકાન અપાવ્યું ન હતું. જેથી ગુલાબસિંગ જાદવે સંજય પ્રજાપતિ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

આરોપી સંજય રાજુ પ્રજાપતિ (રહે.ચંદ્રભાડા હાઉસિંગ બોર્ડ, નવાવાડજ, અમદાવાદ અને સમા, જલારામ મંદિર પાસે, વડોદરા)એ ગુલાબસિંગ જાદવને પ્રધાનમંત્રી આવાસ યોજનાનુ ફોર્મ ભરી આપી ચોક્કસ મકાન મળી જશે. તેઓ પાકો વિશ્વાસ આપી મારી પાસેથી રૂ. 59 હજાર મેળવી લીધા હતા. મકાન નહી મળે તો પરત રૂ.32 હજાર મળી જશે તેમ જણાવ્યું હતું. તે પ્રમાણે મકાન નહીં અપાવતા તેણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક રૂ.32 હજારનો ચેક લખીને આપ્યો હતો. જે ગુલાબ સિંગ જાદવે પોતાના ખાતામાં જમા કરાવવા બેંકમા જતા બંધ એકાઉન્ટનો ચેક હોવાનું જાણવા મળ્યું હતું.

# વિશ્વ એઇડ્સ દિવસ અંતર્ગત દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી સરકારી ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે HIV/AIDS જાગૃતિ કાર્યક્રમ....

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 07**

વિશ્વ એઇડ્સ દિવસ (૧ ડિસેમ્બર)ની સપ્તાહિક ઉજવણીના ભાગરૂપે જિલ્લા ક્ષય HIV અધિકારી (DTHO) શ્રી ડૉ. આર.ડી. પહાડીયા તથા દિશા ડાપકુના માર્ગદર્શન હેઠળ અને સા.આ. કેન્દ્ર લીમડીના અધિક્ષકશ્રી ડૉ. ડી.કે. પાંડેની આગેવાની હેઠળ લીમડી ગામની સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં HIV/AIDS વિષે જાગૃતિ લાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી તથા માર્ગદર્શન સત્ર યોજવામાં આવ્યું હતું. ICTC કાઉન્સેલર શ્રીમતી હેતલ ભાભોર, લેબ ટેકનિશિયન શ્રીમતી ખ્યાતિ પટેલ, તથા Ti, Vihan અને LWSની ટીમ દ્વારા કુલ ૨૪૫ વિદ્યાર્થીઓને HIV/AIDS અંગે વિસ્તૃત અને સરળ ભાષામાં



માહિતી આપવામાં આવી. જેમાં HIV નો ફેલાવો, તેની અટકાવની રીતો, સારવાર, ગેરસમજો દૂર કરવા સહિતના મુદ્દાઓ પર જાગૃતિ ફેલાવવામાં આવી.

શાળાના આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો દ્વારા યુવાઓમાં આરોગ્ય અંગે સમજણ અને જવાબદારી વધે તેવી આશા વ્યક્તકરવામાંઆવીહતી

# 108 એમ્બ્યુલન્સ – ફરી એકવાર બની જીવનદાતા

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 07**

હા, વાત છે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પેથાપુર CHC માંથી રિફર થયેલી 28 વર્ષીય પ્રભાબેન બાબુભાઈ કટારા (બહુસંતાન વર્તી મહિલા, હિમોગ્લોબિન માત્ર 6%) ને 108 ટીમ હોસ્પિટલ લઈ જઈ રહી હતી ત્યારે રસ્તામાં જ તેમને તીવ્ર પ્રસૂતિ પીડા ઉપડી.

દુખાવો અસહ્ય હોવાથી અને હોસ્પિટલ દૂર હોવાથી ત્યાં સુધી પહોંચવું શક્ય નહોતું. EMT અંજુ લબાના દ્વારા તાપસ કરતા જણાયું કે, બાળક ઉંધું હતું અને માતાના પેટમાં બાળક દ્વારા સ્ટૂલ (Meconium) પણ પાસ થઈ ગયો હતો, જે ગંભીર પરિસ્થિતિ હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજતાં EMT એ તરત જ પાયલોટ નિલેશભાઈ રાઠોડને માહિતી આપી. જેમણે સમયસર એમ્બ્યુલન્સને રસ્તાની સાઈડમાં સલામત રીતે ઊભી રાખી. પછી 108 કોલ સેન્ટરનો સંપર્ક કરીને ઇ.આર.સી.પી. ડૉ. ત્રિવેદીનું માર્ગદર્શન મેળવી, વિલંબ કર્યા વગર એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાની પ્રક્રિયા શરૂ કરી.

સાહસ, સમયસૂચકતા અને કુશળતાથી EMT અંજુબેન લબાના એ સફળ પ્રસુતિ કરાવી.



બાળકએ સ્ટૂલ પાસ કરેલ હોવાથી, યોગ્ય suction તેમજ જરૂરી newborn care પણ આપવામાં આવી.

મહિલાએ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો અને પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. પરિવારજનોએ 108 ટીમની કામગીરીની પ્રશંસા કરી અને EMT અંજુબેન લબાના, પાયલોટ નિલેશભાઈ રાઠોડ નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

પ્રસૂતિ બાદ માતા અને બાળકને વધુ સારવાર માટે દાહોદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં બંનેની તબિયત હાલ સારી છે.

સૌએ ચેતન વણકર, PM ધર્મેન્દ્ર પુવાર EMT અને પાયલોટની જોખમી પરિસ્થિતિમાં કરેલી સેવા અને હિંમતને બિરદાવી. આવી છે આપણી 108ની સેવા.

# ગુજરાતી સિંગર કિંજલ દવેએ સગાઈ કરી : લાંબા સમયનાં ડેટિંગ એક્ટર-બિઝનેસમેન સાથે વીડિયો FB પર પોસ્ટ કર્યો

**અમદાવાદ, તા. 07**

લોકપ્રિય ગુજરાતી સિંગર કિંજલ દવેએ 6 ડિસેમ્બર 2025ના રોજ સગાઈ કરી લીધી છે, ત્યારે આ સગાઈનો વીડિયો કિંજલ દવેએ પોતાના ફેસબુક પેજ પોસ્ટ કરી ઓફિશિયલ જાહેરાત કરી છે. કિંજલ દવેએ એક્ટર અને બિઝનેસમેન ધ્રુવિન શાહ સાથે સગાઈ કરી છે. આ યુગલની સગાઈના સમાચારથી તેમના ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ એંગેજમેન્ટસેરેમનીમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કિંજલ દવેએ એપ્રિલ, 2018માં પવન જોષી સાથે સગાઈ કરી હતી. જોકે, વર્ષ 2023માં કિંજલ અને પવનની સગાઈ તૂટી ગઈ હતી. ત્યારે સગાઈ તૂટ્યાના બે વર્ષ બાદ કિંજલ દવેએ 6 ડિસેમ્બર 2025ના રોજ સગાઈ કરી લીધી છે.

કિંજલ દવેએ ધ્રુવિન શાહ સાથે સગાઈ કરી છે. 5 ડિસેમ્બરના રોજ ગોળધાણાનો પ્રસંગ યોજાયો હતો અને 6 ડિસેમ્બરના રોજ સગાઈ સેરેમની યોજવામાં આવી હતી. કિંજલ દવેના મંગેતર ધ્રુવિન શાહ એક એક્ટરની સાથે સાથે એક બિઝનેસમેન પણ છે. કિંજલ દવેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર સગાઈની ઓફિશિયલ જાહેરાત કરવાની સાથે સગાઈનો વીડિયો પોસ્ટ કરી લખ્યું- ગોડ્સ પ્લાન.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર કિંજલ દવે અને ધ્રુવિન શાહ ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં હતાં. આ લાંબા સમયના



સંબંધને હવે તેમણે સગાઈના પવિત્ર બંધનથી સત્તાવાર માન્યતા આપી છે. આ યુગલની સગાઈના સમાચારથી તેમના ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

લોકપ્રિય સિંગર કિંજલ દવેની અચાનક સગાઈના સમાચારથી તેમના અસંખ્ય ચાહકોમાં આશ્ચર્ય અને આનંદની મિશ્ર લાગણી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર આ કપલને અભિનંદન આપતા કોમેન્ટોનો ધોધ વહી રહ્યો છે. ગુજરાતની 'ચાર ચાર બંગડીવાળી' સિંગરે તેના જીવનના આ નવા પ્રકરણની શરૂઆત કરી છે, જેને તેના પ્રશંસકોએ દિલથી વધાવી લીધી છે.

કિંજલ દવેના મંગેતર ધ્રુવિન શાહ માત્ર એક અભિનેતા જ નથી, પરંતુ તેઓ એક પ્રતિષ્ઠિત બિઝનેસ ફેમિલીમાંથી આવે છે. આ ઉપરાંત તેઓ ગુજરાતી ફિલ્મો અને કન્ટેન્ટ માટેની લોકપ્રિય એપ્લિકેશન જોજો એપ (JoJo App)ના ફાઉન્ડર પણ છે. ધ્રુવિન શાહ મલ્ટી-ટેલેન્ટેડ હોવાની સાથે એક સફળ ઉદ્યોગપતિ પણ છે.

કિંજલ દવેનો જન્મ 24 નવેમ્બર 1998ના રોજ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના જેસંગપરામાં થયો હતો. કિંજલ દવેને નાની ઉંમરથી ગીતો ગાવાનું શરૂ કર્યું હતું અને વર્ષ 2017માં તેના હિટ ગીત 'ચાર ચાર બંગડી'થી ખ્યાતિ મેળવી હતી. ત્યારથી તેણીએ ઘણા લોકપ્રિય ગીતો રજૂ કર્યા છે. કિંજલ દવેએ ભારત અને વિદેશમાં પણ વિવિધ મ્યુઝિક કોન્સર્ટ કર્યા છે. કિંજલ તેના પરંપરાગત ગુજરાતી લોક ગીતો માટે જાણીતી છે અને મ્યુઝિકની દુનિયામાં તેના યોગદાન માટે તેને ઘણા એવોર્ડ પણ જીત્યા છે.

કિંજલના પિતા લલિત દવે હીરા ઘસવાની સાથે સાથે ગીતો લખવાનો પણ શોખ ધરાવતા હતા અને તે મિત્ર સાથે મળીને ગીતો પણ લખતા હતા. પિતા અને મનુ રબારીના પ્રયાસોથી નાની ઉંમરે કિંજલને 'જોનડિયો' લગ્નગીત આલ્બમમાં ગાવાનો મોકો મળ્યો. આ લગ્નગીત થોડાં જ સમયમાં સમગ્ર ગુજરાતમાં હિટ રહ્યું હતું અને પછી કિંજલ આખા ગુજરાતમાં લોકપ્રિય થઈ ગઈ હતી.

# શિશુવિહાર સંસ્થામાં સુમિટોમો એક્સેલ એક્સપ્રેશનનો કાર્યક્રમ યોજાયો....

**ભાવનગર, તા. 07**

સુ મિટોમો કેમીકલ ઇન્ડિયા લિ મિ ટેડ ભાવનગર દ્વારા શિ શુ વિહાર સંસ્થા ખાતે સુ મિ ટોમો એક્સેલ એક્સ્પ્રેશન 2025 અંતર્ગત ત્રણ દિવસીય દર મ્યાન 10થી વધુ કૃતિઓમાં 40 શાળાઓના 1400થી વધારે બા ળ કોએ પોતાના કલા નો ઓ જા શ પાર્થયા હતા.સાયન્સ એ ન્ડ ટેકનોલોજી સ્પર્ધામાં અકસ્માત ને લગતા, આધુનિક ખેતી, ગ્રીન હાઉસ, ફ્લાવર્સ પોર્ટસમાં પાણી ઘટે નહિ સહિતના મોડેલો છવાયો હતો.

શિશુવિહાર સંસ્થા ખાતે સતત 27 વર્ષથી એક્સેલ એક્સ્પ્રેશનનું આયોજન કરવામાં આવે છે જેમાં ત્રણ દિવસ દરમ્યાન જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. 5 ડિસેમેબરના રોજ બપોરે 2 થી 5 તત્કાલ ચિત્ર સ્પર્ધામાં 198 વિદ્યાર્થીઓએ અદભુત ચિત્રો દોરી નિર્ણાયકોના મન જીતી લીધા હતા. ત્યાર બાદ સામાન્યજ્ઞાન સ્પર્ધામાં 178 વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. પછી છેલ્લે નિબંધ સ્પર્ધામાં 195 વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો આમ, સ્પર્ધામા પ્રાથમિક વિભાગની કુલ 40 સ્કુલોના કુલ 571 વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. તા.6 ડિસેમ્બરના રોજ ફિલ્મીગીતથી સ્પર્ધાની શરૂઆત થઈ જેમાં 68 સ્પર્ધકોએ સારૂ પ્રદર્શન રજુ કર્યુ. ત્યાર પછી તત્કાલ ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રમણીય ચિત્રો દોર્યા. જેમાં 163 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જ્યારે શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં અસલ કાઠિયાવાડી બોલીમાં 41 સ્પર્ધકોએ નિર્ણાયકોના મન રોમાચિત કરી દીધા. જ્યારે સમાચાર વાંચનની સ્પર્ધામાં વિદ્યાર્થીઓનો બહોળો ઉત્સાહ જોવા મળેલ જેમાં 47 સ્પર્ધકોએ ભાગ લીધેલ. તેમજ સેન્ટ્રલ ડોમ ખાતે લોકનૃત્યની સ્પર્ધામાં 13 ટીમોએ ઉત્કૃષ્ટ કૃતિઓ રજુ કરી જેમાં 158 સ્પર્ધકોએ ભાગ લીધેલ. જ્યારે સામાન્યજ્ઞાન સ્પર્ધામાં વિદ્યાર્થીઓનો બહળો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં 99 સ્પર્ધકોએ ભાગ લીધેલ. પ્રાથમિક વિભાગની સ્પર્ધા યોજેલ હતી.જે સુમિટોમો પ્રાથમિક વિભાગની સ્પર્ધાની શરૂઆત કરી હતી.

આજરોજ લોકગીતથી સ્પર્ધાની શરૂઆત થઇ જેમાં 75 સ્પર્ધકોએ સારૂ પ્રદર્શન રજુ કર્યુ. ત્યાર પછી સેન્ટ્રલ ડોમ ખાતે સાયન્સ એન્ડ ટેકનોલોજીની 19 ટીમોએ જેમાં 97 વિદ્યાર્થીઓએ ભાગે લીધેલ અને ટેકનોલોજીના આવનારા યુગમાં ઉત્કૃષ્ટ મોડેલો રજુ કરેલ. જેમાં ખાસ અકસ્માત ને લગતા, આધુનિક ખેતી, ગ્રીન હાઉસ, ફ્લાવર્સ પોર્ટસમાં પાણી ઘટે નહિ સહિત ના અનેક વિવિધ મોડલો રજૂ કર્યા હતા, ત્યારબાદ શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં અસલ કાઠિયાવાડી બોલીમાં 26 સ્પર્ધકોએ નિર્ણાયકોના મન રોમાચિત કરી દીધા. જ્યારે બપોરે સમાચાર વાંચનની સ્પર્ધામાં 36 સ્પર્ધકોએ ભાગ લેશે, તેમજ ગ્રુપસોંગ ની સ્પર્ધામાં 10 ટીમોમાં 78 સ્પર્ધકોએ ભાગ લેશે, આમ, આ સફળ આયોજનમાં પ્રત્યેક શાળાઓના આચાર્ય તથા નિર્ણાયક ટીમનો સહયોગ ખુબ સુંદર મળ્યો હતો.

# પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા રાજકીય આગેવાનો સાથે બી.એલ.ઓ દ્વારા SIR કામગીરી કરવામાં આવેલ કામગીરી સંદર્ભે વિગતવાર ચર્ચા કરી...

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 07**

મતદારયાદીની ચોકસાઈ વધારવા તેમજ સચોટતા જાળવવા માટે BLO દ્વારા કરવામાં આવી રહેલી SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) કામગીરીની સમીક્ષા કરવા માટે ઝાલોદ પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા આજે સ્થાનિક રાજકીય આગેવાનો સાથે વિશેષ બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ભાજપ તાલુકા પ્રમુખ સુરેશ ભાભોર, ઝાલોદ આપ પ્રમુખ અનિલ ગરાસીયા, કોંગ્રેસ તાલુકા પ્રમુખ જગુ રામજી સંગાડા, તેમજ કોંગ્રેસ આગેવાન મૂકેશ ડાંગી ઉપસ્થિત રહેલ હતા. આ તમામ રાજકીય આગેવાનો સાથે પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા SIR અંતર્ગત BLO દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

બેઠકમાં BLOઓ દ્વારા અત્યાર સુધી પૂર્ણ કરાયેલા કાર્ય, બાકી રહેલા મૅપિંગ, કેટેગરી મુજબ પૂર્ણતા દર અને કામગીરીની



ગુણવત્તા અંગે વિશદ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી.

BLO કામગીરીના મુખ્ય આંકડા રજૂ

પ્રાંત અધિકારીએ ચર્ચા દરમ્યાન જણાવ્યું કે ઝાલોદ પ્રાંતમાં કુલ 2,95,578 મતદારો સામે SIR પ્રક્રિયા માટેના EF રેકોર્ડ પણ 2,95,578 છે. તેમાંમાંથી અત્યાર સુધી EF મિક્સ રાઈઝર 2,63,541 (89.16%) પૂર્ણ થયા છે.

તે ઉપરાંત BLOઓ દ્વારા SELF 88,839 (85.13%) અને PROXY 1,62,767 એમ મળીને કુલ 2,51,606 કેસનો નિકાલ કરવામાં આવ્યો છે. બાકી રહેલા NO MAPPING 11,925 (4.03%) કેસને તાત્કાલિક પ્રાથમિકતા આપવા જણાવ્યું.

વર્ગવાર કામગીરીની ચર્ચા

બેઠકમાં નીચે મુજબની SIR વર્ગવાર કામગીરી પણ ચર્ચાનો વિષય બની:

વિગતવાર યાદી : 12,546 માંથી 11,627 મરણ થયેલ છે

હાજર નથી : 2,758

કાયમી સ્થળાંતર: 13,793

ડુપ્લીકેટ : 3,717

અન્ય : 133

કુલ મળીને 32,038 (10.84%) કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હોવાનું પ્રાંત અધિકારીએ રજૂ કર્યું.

રાજકીય આગેવાનોની સૂચનાઓ

ચર્ચા દરમ્યાન ઉપસ્થિત રાજકીય આગેવાનો દ્વારા BLOની મેદાની કામગીરીને વધુ મજબૂત બનાવવા, બાકી રહેલા મૅપિંગ ઝડપી ગતિએ પૂર્ણ કરવા, લોકો સુધી સત્ય અને સુધારેલી મતદારયાદી પહોંચે તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી.

પ્રાંત અધિકારીનો વિશ્વાસભર્યો સંદેશ, અરવિંદ ભાટિયા દ્વારા જણાવાયું કે આગામી દિવસોમાં બાકી રહેલી SIR કામગીરીનો ઝડપી નિકાલ કરવામાં આવશે અને તાલુકામાં મતદારયાદી સુધારણા અભિયાનને વધુ અસરકારક બનાવવા BLOઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# બાળવિદ્વાનોએ સમૂહ પૂજા : પ્રમુખ સ્વામી મહારાજનાં જન્મદિવસે 350થી વધુ બાળ વિદ્વાનોએ સમૂહ પૂજા કરી

**ભાવનગર, તા. 07**

BAPS સ્વામિનારાયણ સંસ્થાના બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનાં તારીખ પ્રમાણેના જન્મદિવસ નિમિત્તે આજે ભાવનગર અક્ષરવાડી BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે એક ભક્તિમય અને અદભુત કાર્યક્રમ યોજાયો હતો.

મંદિર પરિસરમાં વહેલી સવારે 3 5 0 કરતાં પણ વધારે બા ળવિદ્વાનોએ ભગવાનની સ મૂહમાં વ્યક્તિગત પૂજા કરી હતી. આ એવા બાળકો છે જેમણે મહંત સ્વામી મહારાજ લિખિત 'સત્સંગ દીક્ષા' ગ્રંથના 315 સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ કર્યો છે. આટલી મોટી સંખ્યામાં બાળ વિદ્વાનોનું એકસાથે પૂજન દૃશ્યમાન થતાં વાતાવરણમાં અનેરી આધ્યાત્મિકતા છવાઈ ગઈ હતી.

બ્રહ્મ સ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા સ્થાપિત અને બ્રહ્મ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા સંવર્ધિત આ બાળ મંડળના બાળકોએ તેમની પ્રતિભાથી સૌને પ્રભાવિત કર્યા હતા. મહંત સ્વામી મહારાજે બાળકોની અંત:શક્તિને બહાર લાવીને તેમનામાં આધ્યાત્મિક અભિગમ વિકસાવ્યો છે. આ સંસ્કાર સિંચન દ્વારા બાળકોને કળિયુગમાં વ્યસન અને દુષણોથી દૂર રાખીને સુસંસ્કાર તરફ વાળી ને સમાજને એક બહુ મોટી



ભેટ આપવામાં આવી છે. આ પ્રવૃત્તિ બાળકો અને સમગ્ર સમાજને એક નવી અને ઉત્કૃષ્ટ રાહ ચીંધે છે.

ભાવનગરમાં સંતો અને બાળ કાર્યકર્તાઓ દ્વારા અનેક વિવિધ પ્રવૃત્તિઓ સાથે બાળ મંડળો ચાલી રહ્યા છે. આજે જ્યારે આ બાળકો તે મની કાલી ઘેલી ભાષામાં ભગવાન સમક્ષ વ્યક્તિગત પૂજામાં લી ન થયા હતા, ત્યારે સર્જાયેલું દૃશ્ય અત્યંત મનમોહક હતું. જાણે સાક્ષાત ભગવાન પોતે જ તેમની બા ળ ભક્તિથી પ્રસન્ન થઈ દર્શન દે વા પધાર્યા હોય તેવું અલૌકિક વાતાવરણ ખડું થયું હતું.

# ઝાલોદમાં શૌર્ય દિવસની ગૌરવમય ઉજવણી, શહીદ રાજેશ સોનીને દીપ પ્રજ્વલિત કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ – ભરત ટાવર ખાતે ભજન સંધ્યાથી ભક્તિમય માહોલ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 07**

ઝાલોદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 6 ડિસેમ્બર - શૌર્ય દિવસને વિશેષ શ્રદ્ધા અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો. શહેરના ઐતિહાસિક શહીદ રાજેશ ચોક ખાતે દીપ પ્રજ્વલન કરીને 1992ની કારસેવામાં શહીદ થયેલા ઝાલોદના વીર પુત્ર રાજેશ સોની સહિત તમામ કાર સેવકોને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યા.

કાર્યક્રમની શરૂઆત ઝાલોદ બસ સ્ટેશન પાસે આવેલા લાઈટ ટાવર પર ભગવા ધ્વજ ફરકાવી કરવામાં આવી. કાર્યકર્તાઓ અને હિન્દુ સમાજના યુવાનોની ઉપસ્થિતિ સાથે રાષ્ટ્રપ્રેમ અને



ધાર્મિક ગૌરવનો ઉલ્લાસ વ્યાપી ગયો.

1992ની કારસેવાના શહીદોને સ્મરણાંજલિ

1992ના ઐતિહાસિક દિવસે કાર સેવકો દ્વારા બાબરી વિધ્વંસ કરી અયોધ્યામાં રામલાલાનું નાનકડું મંદિર સ્થાપિત કરાયું હતું. આ પવિત્ર કારસેવામાં ચાર કાર સેવકોએ શૌર્યપૂર્ણ બલિદાન આપ્યું હતું, જેમાંથી એક ઝાલોદના શહીદ રાજેશ સોની હતા. તેમના બલિદાનને સદાય યાદ રાખવા માટે ઝાલોદ નગરમાં દર વર્ષે શૌર્ય દિવસ ઉજવાય છે.

સાંજના સમયે શહીદ રાજેશ ચોક ખાતે દીપ પ્રજ્વલિત કરી, મૌન પાળીને અને પુષ્પાંજલિ અર્પણ કરી શહીદોને નમન કરવામાં આવ્યું. આ દરમ્યાન "શહીદ રાજેશ અમર રહો" અને "જય શ્રી રામ" ના નારા સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિથી ગુંજી ઉઠ્યું.


કારસેવાના સાક્ષી દ્વારા જીવંત વર્ણન

કાર્યક્રમ દરમ્યાન 1992ની અયોધ્યાની કારસેવાના સાક્ષી ભરતભાઈ જાંગીડે કારસેવાના પ્રસંગોનું જીવંત અને માર્મિક ચિત્રણ કર્યું. તેમના વર્ણનથી હાજર શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા અને સમગ્ર કાર્યક્રમમાં ગૌરવ ભાવનો ઉમળકો વધ્યો.

ભજન સંધ્યાથી ભક્તિમય માહોલ

રાત્રિના સમયે શહેરના ભરત ટાવર ખાતે ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું. ભજનોના સ્વરો સાથે સમગ્ર પ્રાંગણ ભક્તિમય બની ગયું. હિન્દુ સમાજના કાર્યકર્તાઓ, યુવાનો અને નાગરિકોની મોટી સંખ્યાએ ઉપસ્થિત રહી શૌર્ય દિવસને સફળ અને સ્મરણિયબનાવ્યો.

# દ.આફ્રિકા સામે વન-ડે શ્રેણી જીતતાં જ ગંભીર તેની જૂની IPL ટીમના માલિક પર ભડક્યો.....



**નવી દિલ્હી, તા.07**

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની વન-ડે શ્રેણીની છેલ્લી મેચ ગઈ કાલે વિશાખાપટ્ટનમના ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ભારતે સાઉથ આફ્રિકાને 9 વિકેટથી હરાવ્યું છે. આ સાથે ભારતે 2-1થી સીરિઝ જીતી લીધી છે. ભારત અને દક્ષિણ આફ્રિકા હવે 9 ડિસેમ્બરથી શરૂ થતી પાંચ મેચની T20I શ્રેણીમાં રમશે.

ભારતીય ટીમે વન-ડે શ્રેણી તો જીતી લીધી પરંતુ ટેસ્ટ શ્રેણીમાં 0-2થી કારમી હાર અંગે ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર પર સતત સવાલ ઉઠી રહ્યા છે. ગંભીરે હવે એક પ્રેસ કોન્ફરન્સમાં આ ટીકાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. ગૌતમ ગંભીરે સોશિયલ મીડિયા પર સ્પ્લિટ કોચિંગ (રેડ અને વ્હાઈટ બોલ માટે અલગ કોચ) વિશે ચાલી રહેલી થિયોરીની આકરી ટીકા કરી.

ગૌતમ ગંભીરે કહ્યું કે, ટેસ્ટ શ્રેણીની હાર અંગે ઘણો હોબાળો થયો હતો, પરંતુ કોઈએ એ વાતનો ઉલ્લેખ ન કર્યો કે ભારતે કોલકાતામાં કેપ્ટન શુભમન ગિલ વિના પહેલી ટેસ્ટ રમી હતી. ગિલ ગરદનની ઈજાને કારણે પહેલી ઈનિંગમાં ચાર રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો હતો. જ્યારે બીજી ઈનિંગમાં બેટિંગ નહોતો કરી શક્યો.

ગૌતમ ગંભીરે કહ્યું કે, ઘણી વાતો થઈ કારણ કે,ટેસ્ટ શ્રેણીના પરિણામો અમારા પક્ષમાં નહોતા. પરંતુ સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે કોઈ પણ મીડિયા કે પત્રકારે એક વાર પણ એવું ન લખ્યું કે અમે પહેલી ટેસ્ટ મેચ કેપ્ટન વિના રમી હતી, જેણે બંને ઈનિંગ્સમાં બેટિંગ નહોતી કરી. ગંભીરે કહ્યું કે, આ પ્રકારના મંતવ્યો બનાવનારાઓએ એવી વાતો કહેવાનું ટાળવું જોઈએ જેનો મેદાન પર ક્રિકેટ સંબંધિત બાબતો સાથે સીધો કોઈ સંબંધ નથી.

ગૌતમ ગંભીરે આગળ કહ્યું કે, 'કેટલાક લોકોએ એવી વાતો પણ કહી જેમને ક્રિકેટ સાથે કોઈ લેવા-દેવા નથી. એક ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ટીમના માલિકે પણ સ્પ્લિટ કોચિંગ વિશે લખ્યું. તો તે આશ્ચર્યજનક બાબત છે. લોકો માટે પોતાના ડોમેનમાં રહેવું ખૂબ જ જરૂરી છે. કારણ કે જો અમે કોઈના ડોમેનમાં ન જઈએ, તો તેમને પણ અમારા ડોમેનમાં આવવાનો કોઈ અધિકાર નથી.'

ગૌતમ ગંભીરનો ઈશારો સ્પષ્ટપણે દિલ્હી કેપિટલ્સ (ડીસી) ના સહ-માલિક પાર્થ જિંદાલ તરફ હતો, જેમણે તાજેતરમાં ભારતીય ટીમ માટે સ્લિપ્ટની ભલામણ કરી હતી. તમને જણાવી દઈએ કે, ગંભીરે પોતાની કારકિર્દી દરમિયાન આ ટીમ માટે પણ આઈપીએલ મેચો રમી હતી. તેમણે આઈપીએલમાં કેપિટલ્સની કેપ્ટનશીપ પણ કરી હતી, જોકે ટીમ હજુ સુધી એક પણ ખિતાબ જીતી શકી નથી.

26 નવેમ્બરના રોજ ભારતની ટેસ્ટ શ્રેણીની હાર બાદ પાર્થ જિંદાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, 'આ હાર દર્શાવે છે કે ભારતને ટેસ્ટ ક્રિકેટ માટે એક સ્પેશિયાલિસ્ટ રેડ-બોલ કોચની જરૂર છે. ઘર આંગણે આવી હાર... મને યાદ નથી કે છેલ્લી વાર આવી નબળાઈ ક્યારે દેખાઈ હતી. જ્યારે તમે રેડ-બોલ સ્પેશિયાલિસ્ટને તક ન આપશો તો આવું જ થશે. ટીમમાં ટેસ્ટ ફોર્મેટની સાચી તાકાત દેખાઈ જ નથી રહી. હવે સમય આવી ગયો છે કે, ભારતે તાત્કાલિક ટેસ્ટ ક્રિકેટ માટે એક અલગ કોચની નિમણૂક કરવી જોઈએ.'

ગૌતમ ગંભીરે કહ્યું કે, 'હું પ્રેસ કોન્ફરન્સમાં બહાના નથી બનાવી રહ્યો. પરંતુ એનો અર્થ એ નથી કે તમારે દુનિયા કે દેશ સમક્ષ હકીકતો રજૂ ન કરવી જોઈએ. જ્યારે તમે ટ્રાન્ઝિશનમાંથી પસાર થાઓ છો અને તમારા કેપ્ટનને ગુમાવી દો છો, જે આવી ટીમ સામે રેડ-બોલ ક્રિકેટમાં તમારો મુખ્ય બેટ્સમેન પણ હોય છે, ત્યારે પરિણામો સ્પષ્ટપણે મુશ્કેલ હોય છે કારણ કે તમને રેડ-બોલ ક્રિકેટમાં એટલો અનુભવ નથી. આશ્ચર્યજનક વાત એ છે કે કોઈએ તેના વિશે વાત પણ ન કરી. વિકેટ વિશે ઘણી વાતો થઈ, મને ખબર નથી કે શું-શું વાતો થઈ.'

'અરે હું ફરી જાડો થઇ જઇશ...' રોહિત શર્મા સાથે યશસ્વી જયસ્વાલનો મજેદાર વીડીયો

# ભારત-સાઉથ આફ્રિક વચ્ચે રમાયેલી વનડે સીરિઝમાં ભારતીય ટીમે 2-1થી જીત હાંસલ કરી



**નવી દિલ્હી, તા.07**

ભારત-સાઉથ આફ્રિક વચ્ચે રમાયેલી વનડે સીરિઝમાં ભારતીય ટીમે 2-1થી જીત હાંસલ કરી. આ સીરિઝ જીતના હીરો વિરાટ કોહલી અને રોહિત શર્મા રહ્યા. વિરાટ કોહલી અને રોહિત શર્માએ મળીને દક્ષિણ આફ્રિકા સામે ODI સીરિઝમાં 448 રન બનાવ્યા હતા.

રોહિત શર્મા આજકાલ ખૂબ જ ફિટ દેખાઈ રહ્યો છે. એક સમય હતો જ્યારે ટીમ માટે મહેનત કરવા છતાં રોહિત શર્મા શારીરિક રીતે ફિટ દેખાતો ન હતો. હવે, તે બંને પાસાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યો છે. ઓસ્ટ્રેલિયામાં તેની બહુપ્રતિક્ષિત વાપસી પહેલા લગભગ 10 કિલો વજન ઘટાડ્યા પછી, રોહિતે તેની ફિટનેસ સફર ચાલુ રાખી છે અને 2027 ના ODI વર્લ્ડ કપ સુધી તેની કારકિર્દી લંબાવવા માટે પહેલા કરતાં વધુ મહેનત કરી રહ્યો છે.


વિશાખાપટ્ટનમમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી વનડેમાં ભારતની શાનદાર જીત બાદ, ટીમે હોટલમાં કેક કાપીને ઉજવણી કરી. વિરાટ કોહલીને કેક કાપવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે યશસ્વી જયસ્વાલને તક આપી, જેણે રન-ચેઝ પૂર્ણ કરવા માટે પોતાની પ્રથમ સદી ફટકારી હતી. જયસ્વાલે ખુશીથી કેક કાપી અને કોહલી સાથે ઉજવણી કરી, જેણે ખૂબ જ નાનો ટુકડો ખાધો. ત્યારબાદ તેણે રોહિત શર્માને કેક ઓફર કરી. પરંતુ, રોહિત શર્માએ ખૂબ રમતિયાળ રીતે જવાબ આપ્યો અને એક બાઈટ લેવાને બદલે કહ્યું, 'તું ખાઇ લે, હું ફરીથી જાડો થઈ જઈશ.'

મેદાન પર, રોહિત ભારતની વાદળી જર્સીમાં પાછા ફર્યા પછી શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. આઠ મહિનાથી વધુ સમય પછી સ્પર્ધાત્મક ક્રિકેટ રમીને, રોહિતે ઓસ્ટ્રેલિયામાં 101ની સરેરાશથી 202 રન બનાવ્યા અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો. ત્યારબાદ, દક્ષિણ આફ્રિકા સામેની ડોમેસ્ટિક સીરિઝમાં, રોહિતે વધુ બે અડધી સદી ફટકારી. આ સમયગાળા દરમિયાન, રોહિતે વિશાખાપટ્ટનમમાં ભારત માટે 20,000 રનના ક્લબમાં પણ પ્રવેશ કર્યો.

# સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલના લગ્ન રદ, ક્રિકેટરે કહ્યું- આ ચેપ્ટર અહીં જ ક્લૉઝ કરવું છે

**નવી દિલ્હી, તા.07**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ખેલાડી સ્મૃતિ મંધાનાએ સંગીતકાર પલાશ મુચ્છલ સાથેના લગ્ન રદ કર્યાની સત્તાવાર જાહેરાત કરી છે. સમગ્ર મામલે કેટલા દિવસથી ચાલતી અટકળો વચ્ચે આજે સ્મૃતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકીને પુષ્ટિ કરી છે કે બંને પરિવારે લગ્ન રદ કર્યા છે. સ્મૃતિએ કહ્યું છે કે તે આ મામલો અહીં જ સમાપ્ત કરવા માંગે છે. સ્મૃતિએ કહ્યું, કે 'છેલ્લા કેટલાક સમયથી મારા જીવન વિશે ઘણી અટકળો ચાલી રહી છે જેથી મને લાગે છે હવે મારે બોલવું પડશે. મારે સ્પષ્ટતા કરવી છે કે લગ્ન રદ કરવામાં આવ્યા છે.



હું આ ચેપ્ટર અહીં જ બંધ કરવા માંગુ છું અને તમને પણ આવું કરવા જ વિનંતી છે. કૃપા બંને પરિવારની પ્રાઈવસીનું સન્માન કરો અને અમને આમાંથી બહાર આવવાનો સમય આપો.' મહિલા ક્રિકેટ વર્લ્ડકપ જીત્યા બાદ સ્મૃતિ અને પલાશના લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા. હાઈપ્રોફાઈલ લગ્નમાં સંગીત તથા હલ્દી સેરેમનીના ફોટોઝ અને વીડિયોઝ પણ સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થયા હતા. પલાશે ક્રિકેટ મેદાનની પિચ પર સ્મૃતિને પ્રપોઝ કર્યું હતું. જોકે લગ્નના દિવસે જ સ્મૃતિના પિતાની તબિયત લથડતા લગ્ન મોકૂફ કરવામાં આવ્યા હતા. જોકે તે બાદ સોશિયલ મીડિયામાં પલાશને લઈને વિવિધ આરોપો લાગી રહ્યા હતા. સોશિયલ મીડિયામાં લોકોનો દાવો છે કે પલાશ સ્મૃતિને દગો આપી રહ્યો હતો. જેના કેટલાક સ્ક્રીનશોટ પણ વાઈરલ થયા હતા. જોકે આ મામલે બંને પરિવાર તરફથી અત્યાર સુધી મૌન સેવવામાં આવ્યું છે.



# આર્યન ખાને બેંગલુરુની એક હોટલમાંથી મિડલ ફિંગર દેખાડતાં વિવાદ

## બેંગલુરુ પોલીસ વીડિયો જોતાં જ આ બાબતે તપાસ શરૂ કરી

**મુંબઇ, તા.07**

આર્યન ખાન હાલ બેંગલુરુ ગયો હતો ત્યારે મિત્રો સાથે એક પબમાં પાર્ટી કરતો જોવા મળ્યો હતો. તેવામાં તેના પ્રશંસકોને નીચે એકઠા થતા જોતાં જ પબની બાલકનીમાંથી વચલી આંગળી દેખાડી હતી.

જે વિડીયો વાયરલ થતાં જ સોશયલ મીડિયા પર હોબાળો શરૂ થઇ ગયો છે. તેમજ બેંગલુરુ પોલીસેઆ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. અભિનેતા પોતાના પ્રશંસકોની ભીડ જોતાં જ જોશમાં આવી ગયો હતો અને હાથ ઊંચો કરીને વચલી આંગળી દેખાડી હતી. અને પછી હાથ હલાવીને મુસ્કારાયેલો વીડિયોમાં જોવા મળી રહ્યો છે. આ વીડિયો વાયરલ થતાં જ લોકોએ આર્યન ખાનની આલોચના કરી હતી. આ ઘટના નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં બની હતી.

આ મામલે બેંગલુરુ પોલીસે જણાવ્યું હતુ કે,આર્યનના વીડિયોના આધારે જ તેમણે આર્યન ખાનના હાથ ના ઈશારાની સંજ્ઞાને લઈને તપાસ શરૂ કરી દીધી છે.

પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ધારા ૧૭૩ હેઠળ પોલીસ તપાસ શરૂ કરી છે જે પોલીસને એફઆઈઆર નોંધાવતા પહેલાની તપાસનો અધિકાર આપે છે. તપાસ પુરી થયા પછી આયન પર આરોપ મુકવાનો નિર્ણય લેવામાં આવશે.

સોશયલ મીડિયા પર આર્યન ખાનના પ્રશંસકો તેની આલોચના તેમજ સમર્થન એમ બન્ને કરતા જોવા મળી રહ્યા છે.

# જાણીતી એક્ટ્રેસે તારક મહેતા શૉ છોડ્યો, મેકર્સ પર અપમાનનો આરોપ

**મુંબઇ, તા.07**

ટેલિવિઝનનો લોકપ્રિય શૉ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' છેલ્લા 18 વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. જોકે, આ લોકપ્રિયતાની સાથે શૉ અને મેકર્સ અનેક વિવાદોથી પણ ઘેરાયેલા રહે છે અને અવારનવાર કોઈને કોઈ કલાકાર શૉ છોડી દે છે. હવે સીરિયલમાં મહિલા મંડળની ટીમમાં 'સુનીતા'નું પાત્ર ભજવનારી અભિનેત્રી પ્રજાક્તા શિસોદેએ શૉ છોડી દીધો છે.

શૉ છોડ્યા બાદ પ્રજાક્તાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે. પોતાના પાત્રની તસવીર શેર કરતાં તેણે મેકર્સ પર પોતાનું અપમાન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

અભિનેત્રીએ આરોપ લગાવતા લખ્યું છે કે, 'જે લોકો તમારી લાગણીની કદર ન કરે, તેમના માટે પોતાનું આત્મસન્માન ગુમાવવું ન જોઈએ. મહિલા મંડળના પાત્ર માટે આભાર. મને મહિલા ટીમની યાદ આવશે.'



પ્રજાક્તાની આ પોસ્ટ ફરી એકવાર શૉના મેકર્સના કલાકારો પ્રત્યેના વલણ પર સવાલો ઊભા કરી રહી છે. જોકે, અત્યાર સુધી મેકર્સ તરફથી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' લાંબા સમયથી ચાલી રહ્યો હોવા છતાં, તાજેતરના વર્ષોમાં ઘણા લોકપ્રિય કલાકારોએ મેકર્સ (ખાસ કરીને પ્રોડ્યુસર અસિત મોદી) પર ગંભીર આરોપો લગાવીને શૉ છોડ્યો છે:

દયાબેનનું પાત્ર ભજવતી દિશા વાકાણીએ વર્ષ 2017માં મેટરનિટી લીવ લીધા બાદ કાયમી ધોરણે શૉ છોડી દીધો હતો. તેના પરત આવવા અંગે મેકર્સ અને દિશા વચ્ચેની વાતચીત વારંવાર અટકળનો વિષય બની છે.

તારક મહેતાનું પાત્ર ભજવતા શૈલેષ લોઢાએ વર્ષ 2022માં શૉ છોડ્યો. તેણે મેકર્સ પર તેમના બાકી મહેનતાણા ન ચૂકવવાનો આરોપ લગાવ્યો હતો. કાનૂની લડાઈ બાદ તેમને મહેનતાણું મળ્યું હતું.

રોશન સોઢીનું પાત્ર ભજવતી જેનિફર મિસ્ત્રી બંસીવાલે વર્ષ 2023માં શૉ છોડ્યો. તેણે પ્રોડ્યુસર અસિત મોદી સહિત અન્ય બે લોકો પર જાતીય સતામણી અને કામના સ્થળે અપમાન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

બાવરીનું પાત્ર ભજવતી મોનિકા ભદોરિયાએ વર્ષ 2023માં શૉ છોડ્યો. તેણે મેકર્સ પર માનસિક ત્રાસ આપવાનો અને મહેનતાણા માટે લાંબો સમય રાહ જોવડાવવાનો આરોપ લગાવ્યો હતો.

રીટા રિપોર્ટરનું પાત્ર ભજવતી પ્રિયા આહુજા રાજદાએ તેના પતિ માલવ રાજદા (શૉના પૂર્વ ડિરેક્ટર)ની એક્ઝિટ બાદ તેણે પણ મેકર્સ પર શૉમાં કામ ન આપવાનો અને માનસિક ત્રાસ આપવાનો આરોપ મૂકીને શૉ છોડ્યો હતો.

# મનીષ મલ્હોત્રાની ફિલ્મમાં અનુરાગ કશ્યપ કેમિયો કરશે

## મિત્રતાના આધારે ડિઝાઇરને તેમાં કામ કરવાનો ઇનકાર કરી શક્યો નહીં

**મુંબઇ, તા.07**

અનુરાગ કશ્યપ ડિઝાઈનર મનિષ મલ્હોત્રાની પ્રોડકશન સાલી મોહબ્બત ફિલ્મમાં કેમિયો કરતો જોવા મળશે. મનિષ મલ્હોત્રાએ પોતાનું પ્રોડકશન હાઉસ લોન્ચ કર્યું છે, જેમાંની આ એક ફિલ્મ પણ છે. અનુરાગ કશ્યપ અને મનિષ મલ્હોત્રાની દોસ્તી બહુ જુની હોવાથી તેણે મિત્રતાના ભાવે તેમાં કેમિયો કરવાનું સહર્ષ સ્વીકાર્ય કર્યું હતુ.



અનુરાગ કશ્યપે જણાવ્યું હતું કે, સાલી મહોબ્બત ફિલ્મમાં કામ કરવાનું પ્રથમ આકર્ષણ મારા માટે ફિલ્મની સ્ક્રિપ્ટ હતી. તેણે વધુમાં જણાવ્યું હતુ કે, મારી અને મનિષ મલ્હોત્રાની દોસ્તી મારી ફિલ્મ સત્યાથી શરૂ થઇ છે. મનિષ મલ્હોત્રાએ મને જણાવ્યું હતું કે, તે પોતાનું પ્રોડકશન હાઉસ લોન્ચ કર્યું છે જેમાંની એક ફિલ્મ ફિલ્મ સાલી મહોબ્બત છે, તેથી તેની આ ફિલ્મમાં કામ કરવાની ઓફરને હું ઠુકરાવી શક્યો નહોતો. દિગ્દર્શકે વધુમાં જણાવ્યું હતુંકે, મને કેમેરાની પાછળ અને આગળ એમ બન્ને રીતે કામ કરવાનો આનંદ આવતો હોય છે. તેથી જ હું આ ફિલ્મના કેમિયો માટે ના પાડી શક્યો નહીં.

# રાશા થડાનીના હાથમાંથી દિગ્દર્શક લિજો જોસ પેલિસરીની ફિલ્મ છુટી ગઇ

## બીજા કમિટમેન્ટ્સ સાથે તારીખોનો મેળ ખાતો ન હોવાનું કારણ



**મુંબઇ, તા.07**

રવિના ટંડનની પુત્રી રાશા થડાનીના હાથમાંથી એક ફિલ્મ છુટી ગઇ હોવાનું જાણવા મળ્યું છે. મલાયલમ દિગ્દર્શક લિજો જોસ પેલિસરી બોલીવૂડમાં એક રોમેન્ટિક ફિલ્મનું દિગ્દર્શન કરીને ડેબ્યુ કરવાનો હતો. જેમાં રાશા થડાની મુખ્ય રોલમાં કામ કરવાની હતી. પરંતુ હંસલ મહેતા નિર્મિત ફિલ્મનો હવે રાશા થડાની હિસ્સો નહીં હોય.

આ ફિલ્મની ઘોષણા ઓકટોબર મહિનામાં જ કરવામાં આવી હતી. સૂત્રે જણાવ્યું હતું કે, રાશા થડાની પોતાની આગામી ફિલ્મ લાઈકી લાઈકાના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ લંબાઇ જતાં રાશા થડાની હંસલ મહેતા નિર્મિત ફિલ્મના શૂટિંગની તારીખો સાથે ટકરાઇ રહી હોવાથી રાશાને પોતાની મનપસંદ રોમેન્ટિક સ્ક્રિપ્ટની ફિલ્મ છોડી દેવા સિવાય છુટકો હતો નહીં.

રાશા લાઇકી લાઇકાનું શૂટિંગ પુરુ કર્યા પછી પોતાની મલયાલમ ડેબ્યુ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે,જેમાં તે મહેશ બાબુના ભત્રીજા જયા કૃષ્ણ ઘટ્ટામનેની સાથે કામ કરશે.

# માત્ર બ્રાન્ડ કે જાહેરાત જોઈને ફોન ખરીદશો તો પસ્તાશો!

## નવો ફોન ખરીદતા પહેલા જાણો પ્રોસેસર, રેમ સહિતના 9 ફિચર્સની સાચી પરિભાષા

**મુંબઈ, તા.07**

બજારમાં દરેક બજેટ, દરેક જરૂરિયાત અને દરેક યુઝર માટે ફોન ઉપલબ્ધ છે. ફક્ત બ્રાન્ડ કે જાહેરાત જોઈને ફોન ખરીદવો સમજદારી નથી. જો તમે નવો ફોન લેવા જઈ રહ્યા છો, તો આ 9 વાતો જાણવી જરૂરી છે. ફોનમાં રેમ, પ્રોસેસર કે ડિસ્પ્લે પસંદ કરતી વખતે આ વાતોનું ધ્યાન રાખો...




RAM ફોનની એક્ટિવ મેમરી છે, જે ફોનને એક પછી એક કામ ઝડપથી કરવામાં મદદ કરે છે. તેને રેસ્ટોરન્ટના વેઈટરથી સમજો. રેસ્ટોરન્ટમાં જેટલા વધુ વેઈટર હશે, સર્વિસ તેટલી ઝડપી હશે. તેવી જ રીતે, RAM જેટલી વધુ હશે, ફોન એક સાથે વધુ એપ્સ ખોલીને લેગ (અટકશે) નહીં. 15 હજાર રૂપિયા સુધીના ફોનમાં 6થી 8GB RAM યોગ્ય છે.

પ્રોસેસર ફોનની સ્પીડ અને ક્ષમતા નક્કી કરે છે. આ સમયે સ્નેપડ્રેગન 8 એલિટ જનરલ 5 અને મીડિયાટેક ડાયમેન્સિટી 9500 ટોપ લેવલના ગણાય છે. પ્રોસેસરની ચિપ સાઈઝ પણ જરૂરી હોય છે. આ નેનોમીટરમાં હોય છે. તેનો આંકડો ઓછો હોવો વધુ સારું છે. જેમ કે 3nm ચિપ 4nm કરતાં આગળ ગણાય છે.

LCD: પરંપરાગત ડિસ્પ્લે હોય છે. સસ્તું અને બેકલાઇટનો ઉપયોગ કરે છે (એક પ્રકારની ટ્યુબલાઈટ જેવો પ્રકાશ).

AMOLED: આ દરેક પિક્સેલને જાતે પ્રકાશિત કરે છે. તેનો ફાયદો એ છે કે કલર ઓરિજિનલ લાગે છે અને પાવર ઓછો ખર્ચ થાય છે. ફિલ્મો-સિરીઝ અને ડીપ કોન્ટ્રાસ્ટ માટે AMOLED (ઓમેલેડ) વધુ સારું છે.

રિફ્રેશ-રેટ દર્શાવે છે કે, સ્ક્રીન એક સેકન્ડમાં કેટલી વાર પોતાને અપડેટ કરે છે. 60Hz એટલે 60 વાર/સેકન્ડ, 90Hz/120Hz એટલે વધુ સ્મૂધ એનિમેશન અને સ્ક્રોલિંગ. 144Hz/165Hz એટલે ગેમિંગ માટે પણ વધુ સ્મૂધ, પરંતુ ફોનનો પ્રોસેસર અને ગેમ બંને સપોર્ટ કરવા જોઈએ.

મેગાપિક્સલ પિક્સલની સંખ્યા દર્શાવે છે. જેમ કે 1MP એટલે 10 લાખ પિક્સેલ. 50MP એટલે 5 કરોડ પિક્સેલ. પરંતુ ફોટોની ગુણવત્તા ફક્ત મેગાપિક્સલ પર આધાર રાખતી નથી. સેન્સરનું કદ અને અપર્ચર વધુ મહત્વપૂર્ણ છે. ઓછા પ્રકાશમાં સારા ફોટોનું રહસ્ય મોટું સેન્સર અને નાનો અપર્ચર નંબર હોય છે.

પ્રાઈમરી કેમેરા મેઈન કેમેરા હોય છે અને સૌથી સારી ગુણવત્તા આપે છે. અલ્ટ્રાવાઈડ કેમેરા વધુ પહોળો એંગલ કેપ્ચર કરે છે. ગ્રુપ ફોટો કે લેન્ડસ્કેપ માટે ઉત્તમ છે. ટેલિફોટો કેમેરા 2x, 3x કે 5x ઝૂમ આપે છે. દૂરની વસ્તુઓ સ્પષ્ટ દેખાય છે અને પોટ્રેટ ફોટો ગુણવત્તામાં આવે છે.

IP રેટિંગ જણાવે છે કે ફોન ધૂળ અને પાણીથી કેટલી સુરક્ષા આપે છે. IP68 સૌથી ભરોસાપાત્ર રેટિંગ માનવામાં આવે છે. એનો અર્થ છે કે આ ફોન 15 ફૂટ પાણીમાં 30 મિનિટ સુધી ટકી શકે છે. ધ્યાન રાખો કે IP રેટિંગનો અર્થ એ નથી કે પાણીથી ખરાબ થવા પર વોરંટી મળશે.

eSIM ફોનની અંદર લાગેલું હોય છે અને સોફ્ટવેરથી એક્ટિવ થાય છે. આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં તેનો મોટો ફાયદો છે. તમે તમારું અસલી SIM કાઢ્યા વિના નવા દેશનું eSIM લઈ શકો છો. પાછા ફર્યા પછી જૂનું SIM અથવા eSIMને સરળતાથી ફરીથી એક્ટિવ કરી શકાય છે.

હવે ઘણા ફોન AI વાળા કામ પોતાનામાં જ કરી લે છે, તે પણ ઈન્ટરનેટની મદદ વિના. જેમ કે ટેક્સ્ટ એડિટ કરવું, નાની કમાન્ડ્સ ચલાવવી, ફોટો પ્રોસેસિંગ વગેરે. એન્ડ્રોઈડમાં આ ગૂગલના જેમિની નેનો મોડેલથી ચાલે છે.

# આ 4 કામ ડિસેમ્બરમાં ચોક્કસથી પૂરા કરો : 31 ડિસેમ્બર સુધીમાં પાનને આધાર સાથે લિંક કરો, એડવાન્સ ટેક્સ ભરવાની પણ છેલ્લી તક....

**નવી દિલ્હી, તા.07**

વર્ષ 2025નો અંતિમ મહિનો ડિસેમ્બર શરૂ થઈ ગયો છે. આ મહિને એડવાન્સ ટેક્સ ભરવા અને આધાર-પાન લિંક કરવા જેવા ઘણા જરૂરી કામોની છેલ્લી તારીખ રહેશે. આવી સ્થિતિમાં, જો તમે આ કામો નહીં કરો તો તમને મુશ્કેલી પડી શકે છે. અમે તમને એવા 4 કામ જણાવી રહ્યા છીએ જે આ મહિને પૂરા કરવાના છે. 1. ટેક્સ ઓડિટ કરાવનારાઓએ ઈનકમ ટેક્સ રિટર્ન ભરવું ટેક્સ ઓડિટ કેસ ધરાવતા કરદાતાઓ માટે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ 10 ડિસેમ્બર 2025 છે. આવી સ્થિતિમાં, આ તારીખ સુધીમાં ફાઈલ કરાયેલા રિટર્નને સમયસર ફાઈલ કરાયેલા રિટર્ન સમાન ગણવામાં આવશે અને તેના પર કોઈ લેટ ફી કે દંડ લાગશે નહીં.

2. એડવાન્સ ટેક્સ ભરવાની છેલ્લી તક એડવાન્સ ટેક્સ ભરવાની છેલ્લી તારીખ 15 ડિસેમ્બર છે. તે દરેક વ્યક્તિએ ચૂકવવાનો હોય છે, જેમની અંદાજિત કુલ કર




જવાબદારી, TDS (સ્ત્રોત પર કર કપાત) કાપ્યા પછી, 10,000 થી વધુ હોય. 3. બિલેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવું જો તમે હજુ સુધી નાણાકીય વર્ષ 2024-25 નું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કર્યું નથી, તો તમે લેટ ફી સાથે 31 ડિસેમ્બર 2025 સુધીમાં ફાઈલ કરી શકો છો. જો તમે 5 લાખથી ઓછી આવકનું બિલેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરો છો, તો તમારે 1,000 રૂપિયા લેટ ફી ચૂકવવી પડશે. જ્યારે, 5 લાખ કે તેથી વધુની આવક પર 5,000 રૂપિયાની લેટ ફી ચૂકવવી પડશે. 4. આધાર-પાન લિંક કરવું જો તમે 1 ઓક્ટોબર 2024 કે તે પહેલાં આધાર કાર્ડ બનાવ્યું હતું, તો તેને પાન સાથે લિંક કરવું 31 ડિસેમ્બર સુધી ફરજિયાત છે. ચૂકવા પર પાન નિષ્ક્રિય થઈ જશે. બેંકિંગ, રોકાણ, ITR ફાઈલિંગમાં મુશ્કેલી આવી શકે છે. તમે ઈનકમ ટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલ પર જઈને લિંકિંગ પૂર્ણ કરી શકો છો. પ્રક્રિયા સરળ છે - PAN નંબર, આધાર નંબર અને OTP થી થઈ જાય છે. દંડ પણ જમા કરાવવો પડશે.

# વેકફિટ ઇનોવેશનનો IPO કાલથી ખુલશે : ઇશ્યૂમાંથી ₹1,288 કરોડ એકત્ર કરશે, 10 ડિસેમ્બર સુધી રોકાણની તક, ન્યૂનતમ રોકાણ ₹14,820

**નવી દિલ્હી, તા.07**

વેકફિટ ઈનોવેશન લિમિટેડનો 1,288.89 કરોડનો ઈનિશિયલ પબ્લિક ઓફર એટલે કે IPO પબ્લિક સબસ્ક્રિપ્શન માટે આવતીકાલે એટલે કે 08 ડિસેમ્બરથી ખુલી રહ્યો છે. આ IPO 10 ડિસેમ્બરે બંધ થશે અને તેની લિસ્ટિંગ 15 ડિસેમ્બરે થશે.

જો તમે પણ મેટ્રેસ-બેડથી લઈને સોફા જેવા ફર્નિચર અને હોમ ડેકોર પ્રોડક્ટ્સ બનાવતી કંપની વેકફિટના IPOમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો, તો અમે તમને ઈશ્યૂની તમામ વિગતો અને તમે તેમાં કેટલું રોકાણ કરી શકો છો તે પણ જણાવી રહ્યા છીએ...




વેકફિટ આ પબ્લિક ઈશ્યૂ દ્વારા કુલ 6.6 કરોડથી વધુ શેર વેચીને 1,288.89 કરોડ એકત્ર કરવા માગે છે. કંપનીના IPOમાં રિટેલ ઈન્વેસ્ટર્સ 10 ડિસેમ્બર સુધી રોકાણ કરી શકે છે. કંપનીએ IPOનો પ્રાઈઝ બેન્ડ 185-195 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કર્યો છે.

વેકફિટના શેરોનું એલોટમેન્ટ 11 ડિસેમ્બરે થશે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) બંને પર 15 ડિસેમ્બરે શેર્સની લિસ્ટિંગ થશે.

વેકફિટનો આ IPO ફ્રેશ ઈશ્યૂ અને ઓફર ફોર સેલ (OFS)નું કોમ્બિનેશન છે. ફ્રેશ ઈશ્યૂ દ્વારા કંપની 377.18 કરોડ રૂપિયાની કિંમતના 1.93 કરોડ શેર વેચશે.

જ્યારે કંપનીના હાલના શેરધારકો અને પ્રમોટર્સ OFS એટલે કે ઓફર ફોર સેલ દ્વારા પોતાના 911.71 કરોડ રૂપિયાની કિંમતના 4.68 કરોડ શેર વેચશે.

રિટેલ રોકાણકારો ઓછામાં ઓછું અને વધુમાં વધુ કેટલા પૈસા રોકી શકે છે?

આ IPO માટે રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 76 શેર માટે અરજી કરી શકે છે. જો તમે IPOના અપર પ્રાઈસ બેન્ડ 195 મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,820નું રોકાણ કરવું પડશે.

જ્યારે રિટેલ રોકાણકારો IPOના મહત્તમ 14 લોટ એટલે કે 1,064 શેર માટે બિડિંગ કરી શકે છે. જેના માટે રોકાણકારોએ મહત્તમ 2,07,480નું રોકાણ કરવું પડશે.

કંપનીના ઈશ્યૂનો 75% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) માટે અનામત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, 10% હિસ્સો રિટેલ રોકાણકારો અને 15% હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NII) માટે અનામત છે.

# વિદેશી રોકાણકારોએ 7 દિવસમાં બજારમાંથી ₹11,820 કરોડ ઉપાડ્યા

## રૂપિયામાં ઘટાડો તેનું કારણ, ઘરેલું રોકાણકારોની ₹19,783 કરોડની ખરીદીથી બજાર સંભાળાયું

**મુંબઈ, તા.07**

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs) એ ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ભારતીય શેરબજારમાંથી 11,820 કરોડ રૂપિયા (1.3 બિલિયન ડોલર) ઉપાડી લીધા. નિષ્ણાતોના મતે, આ ઉપાડનું મુખ્ય કારણ રૂપિયામાં તીવ્ર ઘટાડો હતો.

વિદેશી રોકાણકારોએ નવેમ્બરમાં 3,765 કરોડનો ઉપાડ કર્યો હતો. 2025માં અત્યાર સુધીમાં કુલ 1.55 લાખ કરોડ રૂપિયા ($17.7 બિલિયન) ઉપાડી લીધા છે. જોકે, DIIs એ પહેલા અઠવાડિયામાં 19,783 કરોડની ખરીદી કરી. આનાથી FPI ઉપાડની બજાર પરની અસર મર્યાદિત રહી.




જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વિજયકુમારે જણાવ્યું હતું કે, રૂપિયામાં 5%ના ઘટાડાએ FPIsને ઉપાડ કરવા મજબૂર કર્યા. જ્યારે એન્જલ વનના સિનિયર ફંડામેન્ટલ એનાલિસ્ટ વકાર જાવેદ ખાને કહ્યું કે, વર્ષના અંતે પોર્ટફોલિયો રીપોઝિશનિંગ અને ભારત-યુએસ ટ્રેડ ડીલમાં વિલંબે ગ્લોબલ સેન્ટિમેંટ ખરાબ કર્યા છે.

આ પહેલાં, 4 ડિસેમ્બરે રૂપિયો ડૉલર સામે અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો હતો. PTI અનુસાર, આજે ડૉલર સામે રૂપિયો 28 પૈસા ઘટીને 90.43ના સ્તરે આવી ગયો હતો. રૂપિયો 2025માં અત્યાર સુધીમાં લગભગ 5% નબળો પડ્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડૉલર સામે 85.70ના સ્તરે હતો. ઓક્ટોબરમાં FPIs એ ભારતીય ઈક્વિટીમાં 14,610 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જે જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચાલેલા ત્રણ મહિનાના વેચાણના સિલસિલાને તોડનારું હતું. તે દરમિયાન, જુલાઈમાં 17,700 કરોડ, ઓગસ્ટમાં 34,990 કરોડ અને સપ્ટેમ્બરમાં 23,885 કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા.

આ વર્ષે અત્યાર સુધીમાં કુલ મળીને વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી 1.43 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ પાછી ખેંચી છે. ડેટ માર્કેટમાં સ્થિતિ થોડી સારી છે, જ્યાં જનરલ લિમિટ હેઠળ 8,114 કરોડ રૂપિયાનું રોકાણ થયું, પરંતુ વોલન્ટરી રિટેન્શન રૂટ દ્વારા 5,053 કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા. આગળના માર્ગ પર નજર કરીએ તો, ડિસેમ્બરમાં FPI પ્રવૃત્તિ મોટાભાગે અમેરિકી ફેડ રિઝર્વના રેટ કટ સિગ્નલ અને ભારત-અમેરિકા ટ્રેડ એગ્રીમેન્ટની પ્રગતિ પર નિર્ભર રહેશે. જો આ સકારાત્મક રહ્યા તો બજારમાં વાપસી થઈ શકે છે, નહીં તો વેચવાલીનો સિલસિલો ચાલુ રહી શકે છે.

# રિઝર્વ બેન્ક દ્વારા રેટ કટની વર્તમાન સાઈકલ લગભગ પૂરી થયાનો મત

## વ્યાજ દરમાં હવે પછીની કપાત વિકાસ દરના ઘટાડાના કિસ્સામાં જ જોવા મળશે

**મુંબઈ, તા.07**

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા વ્યાજ દરમાં કપાતની વર્તમાન સાઈકલ હવે પૂરી થઈ છે. આર્થિક વિકાસ દર નબળો પડશે તો જ નજીકના ભવિષ્યમાં કપાત જોવા મળશે એમ ઈક્રા દ્વારા અનુમાન મૂકવામાં આવ્યું છે. હાલનો વ્યાજ દર લાંબા સમય સુધી યથાવત રહેશે.

ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી) અને ફુગાવાની હાલની અનુકૂળ સ્થિતિમાં રિઝર્વ બેન્કે શુક્રવારે રેપો રેટ ૦.૨૫ ટકા ઘટાડી ૫.૨૫ ટકા કર્યો છે. છ મહિનાના ગાળા બાદ આ કપાત આવી પડી છે. રેપો રેટમાં હવે પછીની કપાત ત્યારે જ જોવા મળશે જ્યારે આર્થિક વિકાસ નબળો પડતો જણાશે.




શુક્રવારે રેપો રેટમાં કરાયેલી કપાત દર ઘટાડાની વર્તમાન સાઈકલની અંતિમ હોવાનો રેટિંગ એજન્સી ઈક્રા દ્વારા એક રિપોર્ટમાં મત વ્યકત કરવામાં આવ્યો છે.

ઓકટોબરમાં ફુગાવામાં જોવા મળેલો ઘટાડો જીએસટી દરમાં કરાયેલા ફેરબદલને પરિણામે જોવા મળ્યો હતો.

જીએસટીમાં ઘટાડાની હકારાત્મક અસર નાણાં વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક સુધી ફુગાવામાં ઘટાડા તરફી દબાણ લાવશે. વર્તમાન નાણાં વર્ષના ફુગાવાના અંદાજને રિઝર્વ બેન્કે ઘટાડી ૨ ટકા કર્યો છે જે અગાઉ ૨.૬૦ ટકા મુકાયો હતો. આ ઉપરાંત આર્થિક વિકાસ દરનો અંદાજ પણ વધારી ૭.૩૦ ટકા કરાયો છે.

નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટી ઠાલવવાના આરબીઆઈના પગલાંથી ધિરાણદારો માટે ધિરાણ દર ઘટાડવાનું સરળ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ન્યુટ્રલ પોલિસી સ્ટાન્સ જાળવી રાખી રિઝર્વ બેન્કે નજીકના ભવિષ્યમાં વ્યાજ દરમાં વધારો અથવા ઘટાડો કરવાનો નિર્ણય સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાશે તેવા પણ સંકેત આપ્યા છે.

# રિલાયન્સ પાવર વિરુદ્ધ મની લોન્ડરિંગ કેસમાં ચાર્જશીટ દાખલ : ₹68 કરોડની નકલી બેંક ગેરંટીનો મામલો, ગઈકાલે ₹1120 કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી

**નવી દિલ્હી, તા.07**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અનિલ અંબાણીની રિલાયન્સ પાવર લિમિટેડ અને તેના 10 અન્ય લોકો વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ દાખલ કરીને ચાર્જશીટ ફાઈલ કરી છે. 2024નો આ કેસ 68.2 કરોડ રૂપિયાની નકલી બેંક ગેરંટી સાથે સંબંધિત છે. આ ગેરંટી સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SECI) પાસેથી ટેન્ડર મેળવવા માટે જમા કરવામાં આવી હતી. EDની તપાસમાં જાણવા મળ્યું છે કે રિલાયન્સ ગ્રુપના અધિકારીઓ આ છેતરપિંડી વિશે સંપૂર્ણપણે જાણકાર હતા. EDનું કહેવું છે કે રિલાયન્સ ગ્રુપના અધિકારીઓએ 'કોનિવન્સ' (ષડયંત્ર) અને 'માલા ફાઈડ ઈન્ટેન્શન' (ખરાબ ઈરાદા)થી




SECIનું ટેન્ડર મેળવવા માટે નકલી ગેરંટી જમા કરી. વિદેશી બેંકોમાંથી નકલી ગેરંટી બનાવવામાં આવી, SBIના નામે નકલી એન્ડોર્સમેન્ટ કરવામાં આવ્યા.

ફંડ્સને ખોટી રીતે રૂટ કરવામાં આવ્યા, નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો. EDએ જણાવ્યું કે રિલાયન્સ પાવરે ખરાબ ઈરાદાથી બિસ્વાલ ટ્રેડલિંકની સેવાઓ લીધી જેથી ફર્સ્ટ રેન્ડ બેંક (ફિલિપાઈન્સ) અને ACE ઈન્વેસ્ટમેન્ટ બેંક (મલેશિયા) પાસેથી નકલી ગેરંટી બનાવી શકાય. આ બધું મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ગુનો છે.

રિલાયન્સ પાવર લિમિટેડ: મુખ્ય કંપની, જે લિસ્ટેડ છે.

રિલાયન્સ NU BESS લિમિટેડ: ટેન્ડર માટે ગેરંટી જમા કરાવતી સહાયક કંપની.

રોઝા પાવર સપ્લાય કંપની લિમિટેડ: ફંડ ટ્રાન્સફર કરતી બીજી સહાયક કંપની.

અનિલ અંબાણી: રિલાયન્સ ગ્રુપના મુખ્ય બિઝનેસમેન. ગ્રુપનું કહેવું છે કે તેઓ છેલ્લા 3.5 વર્ષથી રિલાયન્સ પાવરના બોર્ડ પર નથી અને આ મામલે તેમનો કોઈ સંબંધ નથી. અશોક કુમાર પાલ: રિલાયન્સ પાવરના પૂર્વ સીએફઓ (ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર)

બિસ્વાલ ટ્રેડલિંક પ્રાઈવેટ લિમિટેડ: નકલી ગેરંટી જારી કરતી શેલ કંપની.

પાર્થ સારથી બિસ્વાલ: બિસ્વાલ ટ્રેડલિંકના એમડી

અમર નાથ દત્તા: ટ્રેડ ફાઈનાન્સિંગ કન્સલ્ટન્ટ

અન્ય આરોપીઓ: રવિંદર પાલ સિંહ ચઢ્ઢા, મનોજ ભાયાસાહેબ પોંગડે, પુનીત નરેન્દ્ર ગર્ગ.

અધિકારીઓએ શું કાર્યવાહી કરી?

દિલ્હી પોલીસ EOW એ નવેમ્બર 2024માં ફર્જી ગેરંટી માટે FIR દાખલ કરી. EDએ મની લોન્ડરિંગની તપાસ કરી, 5.15 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી. અશોક પાલ અને અમર દત્તાની ધરપકડ કરી, જેઓ હવે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

# સોનામાં વધ્યાભાવથી ઘટાડો : જો કે ચાંદીના ભાવ રૂ.1000 ઉછળ્યા, વૈશ્વિક સોનામાં ફંડોના સેલીંગ વચ્ચે ભાવ 4200 ડોલરની અંદર

**મુંબઈ, તા.07**

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોનાના ભાવમાં ઘટાડો જ્યારે ચાંદીના ભાવમાં વૃદ્ધી જોવા મળી હતી. વિશ્વ બજારના સમાચાર બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ બતાવી રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ઉંચામાં ભાવ ૪૨૩૫થી ૪૨૩૬ ડોલર થયા પછી ભાવ ઘટી નીચામાં ૪૨૦૦ની સપાટીની અંદર ઉતરી છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૪૧૯૭થી ૪૧૯૮ ડોલર બોલાઈ રહ્યાના નિર્દેશો હતા. ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી દેખાઈ હતી.

દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૯૮.૮૧ તથા ઉંચામાં ૯૯.૧૩ થઈ છેલ્લે ૯૮.૯૯ રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં કન્ઝયુમર સેન્ટીમેન્ટનો ઈન્ડેક્સ પાંચ મહિનાની પીછેહટ પછી પ્રથમ વખત ઉંચકાયાના સમાચાર મળ્યા હતા.

દરમિયાન, અમેરિકામાં હવે મંગળવાર તથા બુધવાર દરમિયાન ફેડરલ રિધર્વની બે દિવસીય મિટિંગ મળવાની છે. આ મિટિંગમાં વ્યાજના દરમાં વધુ ઘટાડો જાહેર થવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. અમેરિકામાં તાજેતરમાં બહાર પડેલા ખાનગી ક્ષેત્રના જોબગ્રોથના આંકડા નબળા આવ્યા છે. આના પગલે વ્યાજ દરમાંમ ઘટાડો થવાની શક્યતા વધી છે.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના ૧૦ ગ્રામના રૂ.૧૨૮૦૭૭ વાળા ઘટી રૂ.૧૨૭૫૫૦ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૨૮૯૫૨ વાળા રૂ.૧૨૮૦૫૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવવ જીએસટી વગર કિલોના રૂ.૧૭૮૨૧૦થી વધી



રૂ.૧૭૯૦૦૦ બોલાઈ રહ્યા હતા.

મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૫૮.૧૫થી ૫૮.૧૬ વાળા વધી છેલ્લે ભાવ ૫૮.૩૪થી ૫૮.૩૫ ડોલર રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૩૧૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૩૨૦૦૦ રહ્યા હતા અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૧૦૦૦ વધી રૂ.૧૭૫૦૦૦ બોલાતા થયા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૧૬૬૦થી ૧૬૬૧ વાળા જો કે ઘટી છેલ્લે ભાવ ૧૬૪૩થી ૧૬૪૪ ડોલર રહ્યા હતા. જ્યારે પેલેડીયમના ભાવ ૧૪૬૬થી ૧૪૬૭ વાળા નીચામાં ભાવ ૧૪૪૬ તથા ઉંચામાં ૧૪૭૩ થઈ છેલ્લે ભાવ ૧૪૬૧થી ૧૪૬૨ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં કોપરના ભાવ છેલ્લે ૧.૬૬૫ ટકા ઉંચા રહ્યા હતા. ક્રૂડતેલના વૈશ્વિક ભાવ વધ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૬૪.૦૯ થઈ છેલ્લે ભાવ ૬૩.૭૫ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૬૦.૫૦ થઈ છેલ્લે ભાવ ૬૦.૦૮ ડોલર રહ્યા હતા.

દરમિયાન, ડાયરેકટરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલીજન્સ ડીઆરઆઈના જણાવ્યા મુજબ દેશમાં સોનાની ઈમ્પોર્ટ ડયુટી ઘટાડાતાં દાણચોરી ઘટી છે. દાણચોરીના સોનાની જપ્તી ૨૦૨૪-૨૫માં ઘટી ૧૦૭૩ કિલો થઈ છે જે પાછલા વર્ષે ૧૩૬૪ કિલો થઈ ડીઆરઆઈ દ્વારા થઈ હતી જ્યારે સીસીઆઈસી દ્વારા આવી જપ્તી ૩૪૮૦થી ૩૪૮૧ કિલોથી ઘટી ૨૬૦૦ કિલો થયાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના ૧૦ ગ્રામના રૂ.૧૨૮૦૭૭ વાળા ઘટી રૂ.૧૨૭૫૫૦ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૨૮૯૫૨ વાળા રૂ.૧૨૮૦૫૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવવ જીએસટી વગર કિલોના રૂ.૧૭૮૨૧૦થી વધી રૂ.૧૭૯૦૦૦ બોલાઈ રહ્યા હતા.

# '2036માં ઓલિમ્પિક અમદાવાદમાં જ આવશે' : અમિત શાહ

## આનંદીબેનના બૂથના કામના ચોપડા ચેક કરતો, 1507 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં





અમદાવાદ, તા.07

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે 7 ડિસેમ્બરના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂપિયા 1507 કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા છે.

અમિત શાહે સૌથી પહેલાં બોપલમાં નવ નિર્મિત ગાર્ડનનું લોકાર્પણ કર્યું હતું. જ્યાં તેમણે સમગ્ર ગાર્ડનમાં લટાર મારી નિરિક્ષણ કર્યું હતું. તેમજ ઉપસ્થિત લોકો સાથે હાથ પણ મિલાવ્યા હતા. ત્યાર બાદ સરખેજમાં આવેલા શકરી તળાવનું નામાભિધાન કર્યું અને ત્યાંથી વસ્ત્રાપુર રવાના થયા હતા. બપોરે વસ્ત્રાપુરમાં નરસિંહ મહેતા તળાવનું લોકાર્પણ કર્યું હતું. આ દરમિયાન ધારાસભ્ય અમિત ઠાકર, રાજ્ય મંત્રી દર્શના વાઘેલા તથા ધારાસભ્ય અમિત પી. શાહ સહિતની ભાજપના સ્થાનિક નેતાઓ પણ હાજર રહ્યા હતા.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલના જીવન પર આધારિત બુકની ગુજરાતી આવૃત્તિનું વિમોચન થયું હતું. 'ચુનૌતીયાં મુઝે પસંદ હૈ' શીર્ષકવાળા આનંદીબેનના જીવન ચરિત્ર બુકનું વિમોચન અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું. 252 પાનાના આ પુસ્તકમાં આનંદીબેન પટેલનું જીવન આવરી લેવાયું હતું. આનંદીબેન પટેલના બુક વિમોચન કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુસ્તકમાં પોતાની વાત કહેતા લખ્યું છે કે, આઝાદી પછી આટલા વર્ષોમાં કોઈ પણ સરકાર મહેસૂલ સુધારની દિશામાં વધુ કંઈ કરી નથી શકી. હું પણ મુખ્યમંત્રી તરીકે મારા પ્રથમ કાર્યકાળમાં મહેસૂલી સુધારાની બાબતમાં અધિક કશું જ નહીં કરી શક્યો, પરંતુ આનંદીબેન મહેસૂલ મંત્રી બન્યા પછી છેલ્લા સાત વર્ષમાં જે વ્યાપક મહેસૂલ સુધારા થયા એ દૂરદર્શિત અને સંકલશક્તિની મિસાલ છે. આવા સુધારા આખાયે દેશમાં બીજે ક્યાંય રહેલા જણાતા નથી. ગુજરાતના જાણીતા સિંગર કિંજલ દવે અને ધ્રુવિન શાહે સગાઈ બાદ પહેલીવાર જાહેર કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેઓ આનંદીબેન પટેલના જીવન પરના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં જોવા મળ્યા હતા. કિંજલ દવે અને ધ્રુવીન શાહે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓને મળી તેમના આશીર્વાદ લીધા હતા.

આનંદીબેનના સંઘર્ષ અને પરિવારને સાથે રાખીને કરેલી રાજનીતિક કામગીરીને યાદ કરી સંજય પટેલની આંખો ભીની થઈ હતી. અનારબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, દીકરીને બચાવવા તેમણે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો. કોઈ પણ વિચાર કર્યા વગર તેઓ નર્મદા સરોવરમાં કૂદી ગયા અને જીવતા બહાર નીકળ્યા હતા. એકતા યાત્રામાં મમ્મી સાથે જવાનો મોકો મળ્યો હતો. શ્રીનગરમાં મમ્મીએ કહ્યું હતું કે, કદાચ હું શહીદ થઈને આવીશ, તેમણે કઈ પણ ચિંતા કર્યા વગર આખા જીવનમાં સંઘર્ષ કર્યા છે. આજે હજારો કાર્યકર્તાઓની લાગણી પૂરી થઈ અને કલમ 370 હટાવી દેવામાં આવી. લોકો કહેતા હતા કે, આનંદીબેન હસતા નથી, તો મમ્મી કહેતા કે હું ખુશ થઈશ તો કામગીરી યોગ્ય રીતે નહીં કરી શકું.

આનંદીબેનના જીવન પર આધારિત પુસ્તક વિમોચન પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, આ પુસ્તકમાં એક નિમ્ન અને મધ્યમ વર્ગના પરિવારમાં જન્મેલી દીકરીથી લઈને ગુજરાતના પ્રગતિશીલ રાજ્યના મુખ્યમંત્રી અને ભારતના સૌથી મોટા રાજ્યમાં રાજ્યપાલ તરીકેની તેમની યાત્રાને ખૂબ અદ્ભુત રીતે આવરી લેવામાં આવી છે. નેતૃત્વ (લીડરશીપ) પદ માટે નહીં, પણ ઉદ્દેશ માટે હોય છે, તેનો સાર આ પુસ્તકમાંથી નીકળી આવ્યો હતો. એક વ્યક્તિ માટે સતત કામની પાછળ એક સૂત્રના આધારે સમગ્ર જીવન કામ કરવું ખૂબ અઘરું હોય છે. લક્ષ્ય પોતાના માટે હોય તો તે સહેલું હોય છે, પરંતુ આનંદીબેને લોકો માટે જે લક્ષ્ય નક્કી કર્યો હતો, તે ખૂબ અઘરો હતો. જેના માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. હોસ્ટેલમાં રહીને કોઈ દીકરીએ એમ.એસ.સી. કરવું એ વાલીઓ માટે ગર્વની વાત હતી, અને હોસ્ટેલમાં રહેનાર એકમાત્ર મહિલા આનંદીબેન પટેલ હતાં, બાકી બધા ભાઈઓ હતા.

અમિત શાહે ઉમેર્યું હતું કે, આનંદીબેનના જીવનમાં શિક્ષિકા, સમાજસેવિકા અને રાજનીતિમાં કાર્ય કરતી વખતે પણ અનેક સંઘર્ષો પાર કરવા પડ્યા હતા. રાજ્યપાલની કોન્ફરન્સ થાય ત્યારે તેનું મોનિટરિંગ મારે કરવાનું રહેતું હતું. બધા રાજ્યપાલને 5 મિનિટનો સમય આપવાનો થતો હતો. આજે યુપીનું કામ એટલું બધું છે કે મારો સમય પૂરો કઈ રીતે કરવો તે વિચારવું પડે છે. યુપીમાં શિક્ષણ વધારવા માટે ખૂબ મહેનત કરવામાં આવી હતી. 'નેક પ્લસ'ની સૌથી વધુ યુનિવર્સિટીઓ ત્યાં જોવા મળી હતી. આનંદીબેન મહેસૂલ મંત્રી હતા તે સમયે અનેક અડચણો પાર કરીને કામ કર્યું હતું. રાજસ્થાન સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા આનંદીબેન મહેસૂલ મંત્રી હતા ત્યારે થઈ હતી. નર્મદામાંથી પોતાની સાથે પ્રવાસમાં ગયેલી દીકરીઓને બચાવવાની હોય કે આંદોલનને સાંભળીને સમાજ ન તૂટે તે પ્રકારે અમે લોકોએ સાથે મળીને કામગીરી કરી હતી. આજે પણ યુવાનોને શરમાવે તેવી કામગીરી આનંદીબેન કરી રહ્યાં છે.

આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, હું CM બની ત્યારે કીધું ગૃહમંત્રી તરીકે અમિત શાહને કામગીરી આપવા કહ્યું હતું. તો બદલીની ફાઈલો મારી પાસે ન આવે. 10 વર્ષ શિક્ષણ મંત્રી રહી ત્યારે કાર્યક્રમ કરવા માટે માણેકલાલ ભાઈ બધો ખર્ચ ઉપાડતા હતાં. એમના માર્ગદર્શનમાં એન્જિનિયરિંગ કોલેજમાં ફી વધારો કરવાને લઈને મેં કહ્યું કે, આ વધારો નહીં થઈ શકે તો તે મેટર કોર્ટમાં ગઈ હતી. ત્યારે હાઈકોર્ટમાં પુરાવા રજૂ ક્ર્યા તો તે ઘટાડી દેવામાં આવી. ફી કમિટી બનાવવાનો આદેશ પણ કરવામાં આવ્યો તે બાદ માણેકલાલ ભાઈને જવાબદારી સોંપવામાં આવી હતી. ઓછી ફી સાથે કોઈ પણ કામગીરી કરતા હોય અને તે કોઈપણ પક્ષના તેમને આપણે મદદ કરવાની હોય કારણ કે તે સરકાર માટે કામ કરે છે. અયોધ્યાનગરમાં આંગણવાડી શોધતી હતી તો એકપણ ન મળી. તો પ્રોજેક્ટ બનાવીને વલ્લભભાઈને મોકલી મંજૂર કરાવી દેવામાં આવ્યું. અત્યારે તેનું કામ ચાલુ થઈ રહ્યું છે. પહેલીવાર નગરના ભૂલકા આંગણવાડીમાં ભણવા માટે જશે.

# અમદાવાદના આંગણે BAPSનો 'પ્રમુખ વરણી અમૃત મહોત્સવ'

## આંબલીવાળી પોળ સમગ્ર વિશ્વ માટે મુલાકાત માટેનું અવિસ્મરણીય સ્થાન બનશે : અમિત શાહ





અમદાવાદ, તા.07

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ (BAPS) સંસ્થાના પ્રમુખ સ્વામી મહારાજને સંસ્થાના પ્રમુખ તરીકેની પદવી મળ્યાનાં 75 વર્ષ પૂર્ણ થતાં સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખ વરણી અમૃત મહોત્સવ કાર્યક્રમ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાઈ રહ્યો છે. રિવરફ્રન્ટ ખાતે યોજાનારા ભવ્ય સમારોહમાં પ્રમુખ સ્વામી મહારાજનાં માનવસેવામાં સમર્પિત અસંખ્ય કલ્યાણકારી યશસ્વી કાર્યોને વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા તેમના જન્મદિને ભાવાંજલિ આપવાનો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો છે. સાબરમતી નદીમાં 75 જેટલી ડેકોરેટિવ ગ્લો લાઈટિંગ સાથેની રાખવામાં આવેલી ફ્લોટિંગ હોડી આકર્ષણનું કેન્દ્ર બની છે.

અમદાવાદના આંગણે યોજાઈ રહેલા આ ભવ્ય અને દિવ્ય કાર્યક્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, મોટી સંખ્યામાં હરિભક્તો આવી પહોંચ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલે ઉપસ્થિત રહી મહંત સ્વામીના આશીર્વાદ લીધા હતા.

# જાહેરનામા ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા પૂરતા નહીં, તેને લોકો સુધી પહોંચાડો : ગુજરાત હાઈકોર્ટનું ફરમાન

અમદાવાદ, તા.07

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે ગેરકાયદે હથિયારો, સ્ફોટક પદાર્થો સાથે નીકળવા સહિતના પ્રતિબંધો લાદતા ક્રિમિનલ પ્રોસીઝર કોડ-1973ની કલમ-144 (હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-233ની કલમ-163) અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- કલમ 37(1) હેઠળ શહેર પોલીસ કમિશનર દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાને રદબાતલ ઠરાવ્યા હતા. જસ્ટિસ એમ.આર. મેંગડેએ પોતાના ચુકાદામાં સત્તાધીશોના આ પ્રકારના જાહેરનામાને લોકાના મૂળભૂત અધિકારોના -ભંગ સમાન ગણાવ્યા હતા. વધુમાં, હાઈકોર્ટે ભવિષ્યમાં આ પ્રકારના જાહેરનામાં જાહેર કરતાં પહેલાં તેની સોશિયલ મીડિયા, માસ કોમ્યુનિકેશન્સ સહિત સંબંધિત તમામ માધ્યમો મારફતે આવા જાહેરનામાઓની પૂરતી અને યોગ્ય પ્રસિદ્ધિ કરવા પણ સત્તાધીશોને ફરમાન કર્યું હતું. હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, આવા જાહેરનામા કાયમી ધોરણે લાગુ ના હોય શકે. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, સતત આદેશો જારી કરીને, સત્તાધીશો કલમ-144 હેઠળ નિર્ધારિત જાહેરનામા બે મહિનાની મહત્તમ સમમર્યાદા કરતાં વધુ સમય માટે પ્રતિબંધોને ચાલુ રાખ્યા હતા., જે દેખીતી રીતે કાયદાકીય જોગવાઈઓને ટાળવાના પ્રયાસ સમાન કહી શકાય. . હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાને ટાંકતા સ્પષ્ટ કર્યું કે, કલમ-144 હેઠળના આદેશો કે પ્રતિબંધો માત્ર તાકીદની પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે છે અને સત્તાધીશોએ તેને છેલ્લા વિકલ્પ તરીકે જ લાગુ કરવો જોઈએ.

# અમદાવાદમાં ચાલુ વર્ષે 1006 પાસા 218 આરોપીઓને તડીપાર કરાયા

અમદાવાદ, તા.07

અમદાવાદમાં ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલા અસામાજીક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે પીસીબી (પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચ) દ્વારા પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવે છે. અમદાવાદ પોલીસે ચાલુ વર્ષે ૧૦૦૬ જેટલા આરોપીઓ વિરૂદ્ધ પાસાની અને ૨૧૮ જેટલા આરોપીઓને તડીપાર કર્યા હતા. આરોપીઓ વિરૂદ્ધની આ કાર્યવાહી વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ની સરખામણીમાં ૩૦ જેટલી વધારે છે. ત્યારે હજુ ડિસેમ્બર મહિના દરમિયાન હજુ અનેક અસામાજિક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી થશે.

અમદાવાદમાં ચાલુ વર્ષે ૧૦૦૬ પાસા ૨૧૮ આરોપીઓને તડીપાર કરાયા 2 - અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા અટકાયતી પગલા ભરવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે. જેમાં આરોપીની ૨૪ કલાક માટે ધરપકડ કરીને કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ પર સતત હિલચાલ રાખવામાં આવે છે. પરંતુ, સતત ગુનાખારી આચરતા તત્વોને કાબુમાં કરવા માટે પોલીસ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પીસીબી દ્વારા પણ દરોડા પાડીને ગુનો નોંધવા સુધીની કાર્યવાહી કરવામા આવે છે. આ ઉપરાંત, અસામાજીક તત્વો વિરૂદ્ધ પાસા અને તડીપારની કાર્યવાહી કરવામા આવે છે. પીસીબી દ્વારા વર્ષ ૨૦૨૪માં ૧૦૦૬ જેટલા આરોપીઓને પાસા હેઠળ કાર્યવાહી કરીને રાજ્યની અલગ જેલમાં મોકલી આપવામા આવ્યાં હતા. જ્યારે હજુ ડિસેમ્બર મહિનો પૂર્ણ થતા આ આંકડો ૧૨૦૦ સુધી પહોંચવાની શક્યતા છે. આ વર્ષએ માર્ચમાં ૧૫૦ અને જુનમાં ૧૨૬ આરોપીની પાસા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩મા ૭૦૬ આરોપીઓને પાસા કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૯૫૩ આરોપીઓને પાસાની સજા કરવામાં આવી હતી. અમદાવાદમાં ચાલુ વર્ષે ૧૦૦૬ પાસા ૨૧૮ આરોપીઓને તડીપાર કરાયા 3 - imageજ્યારે તડીપારની સજાની વાત કરીએ તો ૨૦૨૪માં ૩૦ નવેમ્બર સુધીમાં ૨૧૮ જેટલા અસામાજીક તત્વોને અમદાવાદથી અન્ય જિલ્લાઓમાં તડીપાર કરવામાં આવ્યા હતા. જેમાં જુન મહિનામાં ૫૨ આરોપીઓનો સમાવેશ થાય છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૩૬ આરોપીઓ અને વર્ષ ૨૦૨૪માં ૧૫૨ અસામાજીક તત્વોને અમદાવાદ બહાર તડીપાર કરાયા હતા. પીસીબીએ પ્રોહીબીશન,ડ્ર્ગ્સ અને શરીર સંબધિત ગુનાઓમાં સંડોવાયેલા વધુ અનેક આરોપીઓ વિરૂદ્ધ પાસા-તડીપારની કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદમાં પીસીબીએ છેલ્લાં ચાર દિવસ દરમિયાન દરિયાપુર, નારોલ, નિકોલ, સાબરમતી, ખોખરા, વટવા, કાગડાપીઠ, રીવરફ્રન્ટ ઈસ્ટ અને નરોડામાં દરોડા પાડીને વિદેશી દારૂની બે હજાર બોટલ અને ૮૩૩ લીટર દેશી દારૂ જપ્ત કરીને ૧૦થી વધુ આરોપીઓને ઝડપી લીધા હતા.

# અમદાવાદ પોલીસે 7 ગૌ-તસ્કરોની કરી ધરપકડ, ગૌવંશનો બચાવ્યો જીવ, 4 લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ, તા.07

અમદાવાદના શહેર કોટડામાં પોલીસે ગૌવંશ પશુઓની ગેરકાયદે હેરાફેરી કરવા અને ક્રૂરતાપૂર્વક કતલ કરનારા 7 આરોપીને રંગેહાથ ઝડપ્યા છે. પોલીસે કુલ રૂપિયા 3,93,340ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં જીવતો અને કતલ કરાયેલો ગૌવંશ, છ વાહનો અને રોકડ રકમનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓ વિરુદ્ધ પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવાના કાયદાની વિવિધ કલમો હેઠળ કાયદેસરની ફરિયાદ નોંધવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, શનિવારે (6 ડિસેમ્બર) વહેલી સવારે આશરે 03.15 કલાકે પોલીસકર્મીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે માઘુભાઈ મીલ કમ્પાઉન્ડમાં આવેલ મહેબુબભાઈ શેખની ઓરડી ખાતે કેટલાક શખસો સક્રિય છે. આ શખસો જીવતા પશુઓની ગેરકાયદે હેરાફેરી કરી, તેમને પાણી કે ઘાસચારો આપ્યા વિના અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને, કતલ કરી માંસનું વેચાણ કરી રહ્યા હતા. બાતમીને પગલે, પોલીસે તાત્કાલિક અન્ય પોલીસકર્મીઓની મદદ લઈને ચોક્કસ સ્થળે દરોડો પાડ્યો હતો.



જ્યારે પોલીસે ઓરડીની બહાર તપાસ હાથ ધરી, ત્યારે એક જીવતો બળદ અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલો મળી આવ્યો હતો. ઓરડીની અંદરના દ્રશ્યો વધુ ભયાનક હતા, જ્યાં ગળેથી કાપીને કતલ કરાયેલો બીજો એક બળદ મળી આવ્યો હતો, જેના પગ પણ દોરી વડે ક્રૂરતાપૂર્વક બાંધેલા હતા. દરોડા સમયે સ્થળ પર હાજર પાંચ શખસો પૈકીના બે ઈસમો પાસે છરાઓ હતા, જે તેમણે પોલીસને જોતા જમીન પર ફેંકી દીધા હતા.

પોલીસ દ્વારા કરાયેલી ઊંડાણપૂર્વકની પૂછપરછમાં એ વાત સામે આવી કે આરોપી એજાઝ હુસેન અલીહુસેન પીરમોહમંદ શેખે આ ગુનાઈત પ્રવૃત્તિ માટે ઓરડી ભાડે રાખી હતી. આરોપીઓએ કબૂલ્યું કે તેઓ ખેડૂત પાસેથી ખેતી કરવાના બહાને બળદો ખરીદીને લાવ્યા હતા. એક બળદ વીજાપુરના લાડોલ ગામથી અને બીજો પાટણથી લાવવામાં આવ્યો હતો. આ પશુઓને ડ્રાઈવર રાકેશભાઈની બોલેરો ડાલામાં ભરીને અહીં લાવવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું કે ઝડપાયેલા આરોપીઓ તેમજ ફરાર આરોપી અમીનભાઈ કુરેશી દ્વારા માત્ર આર્થિક ફાયદા માટે એકબીજાની મદદગારીથી આ ગુનો આચરવામાં આવ્યો હતો. વધુમાં, અમીનભાઈ કુરેશીએ 'દાવત' માટે માંસનો જથ્થો મંગાવ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. શનિવારે (6 ડિસેમ્બર) વહેલી સવારે આશરે 03.15 કલાકે પોલીસકર્મીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે માઘુભાઈ મીલ કમ્પાઉન્ડમાં આવેલ મહેબુબભાઈ શેખની ઓરડી ખાતે કેટલાક શખસો સક્રિય છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર